વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક

₹ 50

# સ્વરસેતુ

## ન્યૂઝ ડાયજેસ્ટ


ડિસેમ્બર ૨૦૧૮




અમદાવાદ નેશનલ બુક ફેર-૨૦૧૮




ભદ્રના ચાચર ચોકમાં
હેરીટેજ વીકની ઉજવણી



Incredible !ndia
Gujarat Tourism
Khushboo Gujarat Ki
The sand is exactly as white as shown in this picture.
The ocean of white sand stands out stark and pristine in its colourlessness, interrupted only by passing hoards of camels.
On moonlit nights, the desert reveals another colour.
Something that can hardly be described in words.
Which colour of Kutch will catch your eye?
Maybe one that I couldn't find!
Amitabh Bachchan
rann utsav 2018-19
1st November 2018 to 28th February 2019
At: Dhordo Village, Dist : Kutch, Gujarat, India
For attractive packages log on to www.gujarattourism.com
Toll Free: 1800 200 5080
KUTCH SALT MARSH



Yellow Sapphire



# CERTIFIED GEMSTONES

with Buy Back Guarantee



Ruby



Emerald



Pearl



Coral



Diamond



Blue Sapphire



Hessonite



Cat's eye

RATNAश्री®

Gems & Jewels

42, Super Mall, Nr. Lal Bungalow, C.G. Road, Ahmedabad
Ph.: (+91-79) 2643 0930, 2642 4747, +91-98254 30930, 99250 23333
Email: ratnashree09@yahoo.com, **www.ratnashree.com**

**Exclusive Silver Jewellery Showroom** - Shop No. 24, Super Mall, Ph. 26461919

**Gold Testing & Laser Shoulder Laboratory -** Shop No. 23, Super Mall

# સંપાદકનું સારેગમ

## એક ઔર સિઝન સૌને લાભકારક, ફળદાયક અને આનંદદાયક બની રહે એવી આશા

પ્રત્યેક વ્યવસાય સાથે એક 'સિઝન' સંકળાયેલી હોય છે. ચોખા ખરીદવા માટે ડિસેમ્બર મહિનો તો ઘઉંની ખરીદી માટેનો માસ ચૈત્ર. મસાલા ભરવા માટે બહેનો માર્ચ મહિનો પસંદ કરે. આખા વરસ માટે તેલનાં ડબ્બા ભરવાની સિઝન આવે શિયાળામાં.

બદલાતા ઋતુચક્રને કારણે બીમાર પડતાં દર્દીઓનો ઉપચાર કરતાં તબીબો પણ એ સમયને સિઝન કહે છે. મેડીકલ રિપ્રેઝન્ટેટીવ પોતાનું ટાર્ગેટ આ સિઝનમાં જ પૂરું કરવા માટે મહેનત કરે છે.

આવનારા દિવસોમાં સૌ કલાકારો, ઇવેન્ટ કંપનીઓ અને એની સાથે સંકળાયેલા સહુ કોઈ વ્યસ્ત થઈ જશે. લગ્નસરાની આ મોસમમાં સહુને પોતપોતાની આવડત અને સંપર્ક મુજબ કામ મળી જ રહેશે. અર્થોપાર્જનની સાથોસાથ પોતાની એક ઓળખ ઊભી કરવામાં બધાં રચ્યાપચ્યા રહેશે. કલાકારો ઉપરાંત અન્ય વ્યાવસાયિકો પણ કાર્યરત રહેશે.

નવરાત્રિ બાદ આવતી આ એક ઔર સિઝન સૌને લાભકારક, ફળદાયક અને આનંદદાયક બની રહે એ જ આશા.

સિઝન મુબારક, મિશન મુબારક.

**— સૌમિલ મુનશી**

વર્ષ: ૬/અંક: ૯૫/ડિસેમ્બર, ૨૦૧૮

**તંત્રી અને સંપાદક:**
સૌમિલ મુનશી
**પ્રકાશક:**
સૌમિલ મુનશી, શ્યામલ મુનશી
પરામર્શક: તુષાર શુક્લ
**ડિઝાઈન:**
www.e-shabda.com
**તસવીર પરામર્શક:**
વિવેક દેસાઈ, હર્ષ ઓઝા, કરણ વાધવાણી

**ઑફિસ એક્ઝિક્યુટિવ:**
જિગીષા જાની
**સહાય:** ગોપાલ પઢિયાર
**કાર્યાલય:** સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન,
અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી),
એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬
ફોન: (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫

કુલ પેજ: ૪૪

**ઈ-મેઈલ:**
તંત્રી: saumil@shymalsaumil.com
પ્રકાશક: swarsetu123@gmail.com
છૂટક મૂલ્ય ₹ ૫૦/-
વાર્ષિક લવાજમ (વર્ષમાં ૧૨ અંક)
દેશમાં રૂ. ૪૦૦/- (ટપાલ ખર્ચ સાથે)
વિદેશમાં: અમેરિકન ડૉલર ૫૦/-
બ્રિટિશ પાઉન્ડ ૩૦/-
(દરેક દેશ માટે પ્રતીક ટપાલ ખર્ચ સાથે)

(આ સામયિકમાં સમાવિષ્ટ પ્રત્યેક લેખો માટે જે-તે લેખકના અંગત અભિપ્રાય છે. તે માટે સંપાદક/પ્રકાશક સંમત છે જ એ જરૂરી નથી.
તે માટેની નૈતિક જવાબદારી પ્રકાશક/સંપાદકની રહેતી નથી.)

દર મહિનાની ૧૪મી તારીખે પ્રકાશિત થતું 'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ' પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે. રવાના થઈ ગયા પછી કોઈ ગ્રાહકને અંક ન મળે તો તેની જવાબદારી અમારી રહેતી નથી. પરંતુ પંદર દિવસમાં પત્ર લખવાથી અથવા ઈ-મેઈલ દ્વારા જાણ કરવાથી ઉપલબ્ધ હશે તો અંક જરૂર મોકલવામાં આવશે.

(નોંધ: લવાજમની રકમ રોકડથી, ચેક, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી. મનીઓર્ડર કે ડ્રાફ્ટ વન્ડરવેવ્સ એન્ટરટેઈનમેન્ટ પ્રા. લિ. ના નામે લખવો.

**Printed and Published by** SAUMIL PARESH MUNSHI on behalf of WONDER WAVES ENTERTAINMENT PVT. LTD. and **printed at** Sahitya Mudranalaya Pvt. Ltd., 55/14, City Mill compound, Kankaria Road, Ahmedabad-380 022 and **Published form** 707, Shitiratna, Avinash Vyas Chowk, Panchavati, Ellisbridge, Ahmedabad-380 006. **Editor**-SAUMIL PARESH MUNSHI

## 'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ' મેગેઝિન દિવાળીના દીવાની જેમ પ્રગટી અને મહેકી ઊઠ્યું

દિવાળી વિશેષાંક ખૂબ ગમ્યો. નાની વાર્તાઓ અને કવિતાઓએ ગાગરમાં સાગરનો અનુભવ કરાવ્યો. વાર્તા અને કવિતા વાંચવાની મજા આવી. સાચ્ચે જ મેગેઝિન દિવાળીના દીવાની જેમ પ્રગટી અને મહેકી ઊઠ્યું, દર વખતની જેમ આ વખતે પણ રાજેશ વ્યાસ 'મિસ્કીન'નો આર્ટીકલ મને સ્પર્શી ગયો. એમાંય જે ફકીરની વાત છે 'આજ ઘર ઘર મેં ઉજાલા ઔર મેરે ઘર અંધેરા. બાબા પૈસા દે દે' વાંચી આંખના ખૂણા ભીના થઈ ગયા. સાચ્ચે જ આપણે આપણી ભીતરની દિવાળીને પ્રગટાવવાની છે.

અમર ભટ્ટની નવી કૉલમ 'કાનનો રિયાઝ' ખૂબ આવકારદાયક છે. અને લાગ્યું કે જો શ્રોતા રિયાઝી હોય તો કલાકાર પણ પોતાનું શ્રેષ્ઠ આપી શકે. એ માટે કાનનો રિયાઝ જરૂરી છે. લેખકનો અભિગમ એક વાચક તરીકે ખૂબ ગમ્યો કારણ કે, તેમણે આપેલી માહિતી મારા માટે ખૂબ ઉપયોગી નીવડશે. ફરી એકવાર 'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ'ને અભિનંદન કે જે આટલા સુંદર લેખો અમારા સુધી પહોંચાડે છે.

**– લતા રાજેશ જાની, દહેગામ**

## ડાયજેસ્ટમાં જુદા-જુદા ટાઈટલ નીચે લખાતા લેખો ખૂબ સુંદર રીતે રજૂઆત પામે છે

સ્વરસેતુનો દિવાળી અંક આવતાની સાથે જ પહેલા તો એના ૭૧ પાનાં ફેરવી ગઈ. પછી ધીરે ધીરે પાને પાનાં ઉથલાવી ને વાંચવાનું ચાલુ કર્યું. મને ગમતાં લેખોમાં કવિશ્રી વિનોદ જોશી, રાજેશ વ્યાસ 'મિસ્કીન' અને હર્ષ બ્રહ્મભટ્ટનાં લેખો સૌથી પહેલા વાંચ્યા. ડાયજેસ્ટમાં જુદા-જુદા ટાઈટલ નીચે લખાતા લેખો ખૂબ સુંદર રીતે રજૂઆત પામે છે અને એને વાંચવાની કાયમ મજા આવે છે. રતિલાલ બોરીસાગરનું 'વ્યંગવિશ્વ' પણ ડાયજેસ્ટમાં અનેરું સ્થાન ધરાવે છે.

દિવાળી વિશેષાંકથી ચાલુ થયેલ 'કાનનો રિયાઝ' ખૂબ જ ઝીણવટથી લખાયેલો લેખ છે. એક મહિના એડવાન્સમાં લેખકો અને કવિઓ તથા કલાકારોના જન્મદિનની જે જાણકારી મળે છે તે અમારા માટે ખૂબ ઉપયોગી નીવડે છે. જેથી હું પર્સનલી પણ તેમને જન્મદિવસની શુભકામના પાઠવી શકું છું.

**– સાવની શાહ, અમદાવાદ**



રાજેશ વ્યાસ 'મિસ્કીન'

# દુઃખ દૂર હડસેલાયા તે ક્ષણોમાં



**ખૂબ નીચેય ઉતરી જોયું,**
**ને શિખર પર હરી-ફરી જોયું**
**શ્રેષ્ઠ સાચું જીવન પછી લાગ્યું,**
**જીવતે જીવ જ્યાં મરી જોયું.**

**– રાજેશ વ્યાસ 'મિસ્કીન'**

આ મુક્તક લખાયા પછી ખૂબ હળવાશ અનુભવી. જીવનના હર વળાંકોએ વળી જોયું છે, શિખર પરનો અને તળેટીનો બંનેનો અનુભવ કરી ચૂકેલો છું. જીવનમાં કોઈ પરિસ્થિતિ ટકતી નથી એ જાણી ચૂક્યો છું. વ્યક્તિ, સંબંધ, શરીર, મનથી લઈને ઘરની દીવાલો, ઋતુઓ, પરિસ્થિતિઓ બધું જ બદલાતું રહે છે. ચઢ-ઉતર ચાલ્યા જ કરે છે. એ જ ચઢ-ઉતરનું નામ સુખદુઃખ છે. ઘડીકમાં સુખી થઈ જઈએ છીએ, ઘડીકમાં દુઃખી થઈ જઈએ છીએ.

સુખ અને દુઃખની ઉપર એક અવસ્થા છે એ અવસ્થાનું નામ આનંદમય અવસ્થા છે. આનંદમય અવસ્થા એ સુખ અને દુઃખ બંનેથી પર છે. આનંદમય અવસ્થાને સુખ, દુઃખ સ્પર્શતા નથી. આનંદમય અવસ્થાવાળા જીવને શરીરની ભૂમિકાએ સુખ-દુઃખ ભોગવવા પડે છે. પરંતુ એ સુખ દુઃખની ઘટમાળ જાણી ચૂક્યો હોય છે. જીવતે જીવ મરી જોઈએ તો એ જીવનને અને હોવાપણાને; જગતને અને સૃષ્ટિને જાણી શકીએ છીએ, માણી શકીએ છીએ.

સુખ અને દુઃખની ઉપર એક અવસ્થા છે એ અવસ્થાનું નામ આનંદમય અવસ્થા છે. આનંદમય અવસ્થા એ સુખ અને દુઃખ બંનેથી પર છે. આનંદમય અવસ્થાને સુખ, દુઃખ સ્પર્શતા નથી.

આ ક્ષણે યાદ આવી રહ્યું છે ૪૦-૫૦ વર્ષ પહેલા સાંભળેલું ભજન. અભણ માતા ક્યારેક લલકારતી. કદાચ આ ભજન શંકર મહારાજ ઉનાવાળાનું છે.

**મનને મારીને તમે મરજો,**
**બીજું કાંઈ ન કરજો...**

**આવે ને જાય એ માયા છે જાણો,**
**નિજરૂપ જાણી નિજાનંદ માણો.**

**પરને ઠારીને તમે ઠરજો,**
**બીજું કાંઈ ન કરજો...**

આખું ભજન ખૂબ સુંદર છે. પણ તે વિશે ફરી ક્યારેક વાત. માયાની કેટલી સુંદર વ્યાખ્યા સીધા સાદા ભજનિકો આપી દેતા હોય છે! ભલભલા પંડિતો અને તત્ત્વજ્ઞાનીઓ ગોથાં ખાય અને છતાં ન સમજાવી શકે તે વાત કેવી સરળતાથી સમજાવી દીધી છે! માયા એટલે? જે આવે અને જાય છે એ, જે હમણાં હતું અને હમણાં નહીં હોય તે. હવે વિચારીએ તો આ જગતમાં બધું જ ક્ષણભંગુર છે. અરે આખો સંસાર જ સપના જેવો છે. બધું જ જાય છે અને આવે છે. આ આવ-જા જે કરે તે માયા. પૈસો, સંબંધો, પ્રસિદ્ધિ. અરે, જન્મ અને શરીર પણ આવે છે અને જાય છે. માટે એ માયારૂપ છે તે જાણી લેવું. તો પછી જે માયા નથી એની શોધ કરવી જોઈએ.

અરે આખો સંસાર જ સપના જેવો છે. બધું જ જાય છે અને આવે છે. આ આવ-જા જે કરે તે માયા. પૈસો, સંબંધો, પ્રસિદ્ધિ. અરે,જન્મ અને શરીર પણ આવે છે અને જાય છે. માટે એ માયારૂપ છે તે જાણી લેવું.


જે માયારૂપી નથી એ છે આપણું આત્મતત્ત્વ, આપણું ચૈતન્ય, પેલું પરમ ચૈતન્ય. અને જે પળે આપણે શરીર નથી, મન નથી એ જાણ્યા પછી નિજરૂપની અનુભૂતિ કરી લઈએ ત્યારે નિજાનંદ પ્રગટે છે. નિજાનંદ પ્રગટ્યા પછી શું કરવાનું? નિજાનંદ પ્રગટાવવા શું કરવાનું? સર્વના કલ્યાણનો ભાવ. અન્યને ઠારીને જ્યારે ઠરતા આવડે ત્યારે સાચું જીવન જીવાયું કહેવાય. આ બધી અથડામણો અને ભટકવાનું આ મન મારતા નથી આવડ્યું એટલા માટે છે. માટે જ મનને માર્યા પછી જ મરવાની વાત થઈ છે. નહીંતર અનંત જન્મો લેવા પડે.



# 'વર્લ્ડ હેરીટેજ વીક'ની ઉજવણી અંતર્ગત શ્યામલ-સૌમિલની પરિકલ્પનામાં યોજાયો કાર્યક્રમ 'આપણું અમદાવાદ, અનોખું અમદાવાદ'




ભારતના પ્રથમ 'વર્લ્ડ હેરિટેજ સીટી'ના દરજ્જાથી સન્માનિત અમદાવાદ શહેરમાં 'વર્લ્ડ હેરીટેજ વીક'ની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ અમદાવાદ વર્લ્ડ હેરીટેજ ટ્રસ્ટ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉપક્રમે ૨૫મી નવેમ્બર, ૨૦૧૮ રવિવારના રોજ ભદ્રકાળી માતાના મંદિરના ચાચર ચોકમાં એક વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્યામલ-સૌમિલની પરિકલ્પના દ્વારા 'આપણું અમદાવાદ, અનોખું અમદાવાદ' કાર્યક્રમની રજૂઆત કરવામાં આવી હતી. શ્યામલ-સૌમિલ અને તેમના વૃંદ દ્વારા અમદાવાદની ગાથા, અમદાવાદની કથા અને અમદાવાદ શહેરના હેરીટેજ વારસાને ઉજાગર કરતાં વિવિધ ગીતોની રજૂઆત કરવામાં આવી હતી.



નવા અમદાવાદની નવી ઇમારતો સાથે સંસ્કૃત, અંગ્રેજી, ફ્રેન્ચ, ઇટાલિયન ભાષાના શબ્દો જોડાયા છે ત્યારે પણ ખડકી, ડેલું, ચોકઠું, વંડો, ગલી, શેરી જેવા શબ્દો પણ હજુ ભૂલાયા

નથી. અમદાવાદની હવામાં સંગીત છે, અમદાવાદીઓના શ્વાસમાં સંગીત છે, અમદાવાદના કણકણમાં સંગીત છે, સાબરમતીના શાંત પ્રવાહમાં સંગીત છે. વિવિધ ગીતોના ગાન સાથે આ સંગીતની રસસભર રજૂઆત કલાકારો દ્વારા કરવામાં આવી હતી. જેને અસંખ્ય નગરવાસીઓ ઉપરાંત મુખ્ય મહેમાન અને માનનીય મેયર શ્રીમતી બિજલબેન પટેલ, અતિથિવિશેષ અને માનનીય સંસદસભ્ય કિરીટભાઈ સોલંકીએ માણી હતી. આ પ્રસંગે મ્યુનિસિપલ કમિશનર શ્રી વિજય નહેરા, આઈ.એ.એસ, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર (હેરીટેજ) રાકેશ શંકર, આઈ.એ.એસ. તથા માનનીય માનનીય ડેપ્યુટી મેયર શ્રી દિનેશ મકવાણા, માનનીય ચેરમેન, સ્ટેન્ડિંગ કમિટી શ્રી અમુલ ભટ્ટ, (પૂર્વ મેયર) માનનીય. નેતા, મ્યુનિસિપલ. ભા.જ.પ., માનનીય દંડક, મ્યુનિસિપલ. રાજુભાઈ ઠાકોર તથા માનનીય ચેરમેન, રીક્રીએશનલ, કલ્ચરલ એન્ડ હેરીટેજ કમિટી શ્રી જીગ્નેશ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.



આરતી મુનશી અને શ્યામલ-સૌમિલ મુનશી સાથે હેતલ રાવલ, આશિતા પ્રજાપતિ, સાવની દિવેટીઆ શાહ, શેતલ ભટ્ટ, અંકિત ક્રિસ્ટી, ધ્રુવીશ શાહે કંઠ આપ્યો હતો. વાદ્યવૃંદમાં રિશીન સરૈયા, લવ કંસારા, જગદીપ મહેતા, દીપેશ ત્રિવેદી, અર્ચન કવિશ્વર, મહેશ પરમાર, કંદર્પ કવિશ્વર, કુંજબિહારી નાયકે સાથ આપ્યો હતો. જાણીતા કવિ તુષાર શુક્લ દ્વારા અમદાવાદની ગાથાનું આ લેખન ગૌરવપૂર્વક કરવામાં આવ્યું હતું. અમદાવાદ અને એની સાથે સંકળાયેલ વિવિધ વાતોને એમણે એમની આગવી શૈલીમાં રજૂ કરી હતી.




કાર્યક્રમના અંતમાં શ્યામલ મુનશીએ હેરીટેજ સીટી અમદાવાદ માટે રચેલી ‘જગતના હેરીટેજ શહેરોમાં આગવું તારું નામ છે, અમદાવાદ તને સલામ છે’ની રજૂઆત કરવામાં આવી હતી. ઉપસ્થિત શ્રોતાઓ ગરબાના તાલ અને સ્ટેપ્સ દ્વારા એની સાથે ઝૂમી ઊઠ્યા હતા.





રતિલાલ બોરીસાગર

# ક્રેડિટ કાર્ડ




એક દિવસ ડૉરબેલ વાગી. મેં મંગલ મંદિર ખોલ્યું ને જોયું તો 'દ્વાર ઊભો શિશુ ભોળો'. જોકે શિશુ તો ન કહેવાય, અઢાર-વીસ વરસનો યુવાન હતો, પણ એનો ચહેરો શિશુ જેવો માસૂમ હતો. મેં એને આવકાર્યો, બેસાડ્યો, પાણી આપ્યું, અને પછી આવવાનું પ્રયોજન પૂછ્યું. યુવાને એક રાષ્ટ્રીયકૃત બૅન્કનું નામ આપી પૂછ્યું, 'અંકલ! આ બૅંકમાં તમારું પી.પી.એફ. એકાઉન્ટ છે?

'હા' મેં કહ્યું.

'એમાં લાખ રૂપિયાનું બૅલેન્સ છે?'

'હા' મેં કહ્યું. મેં 'હા' કહી—એમાં સત્ય જરૂર હતું, પણ હરિશ્ચંદ્રનું સત્ય નહોતું, યુધિષ્ઠિરનું સત્ય હતું. ઈન્કમટૅક્સમાં રાહત મળે એ હેતુથી એક મિત્ર પાસેથી દર વર્ષે પંદર-વીસ હજાર રૂપિયા લઈ, પી.પી. એફ. ના મારા નામના એકાઉન્ટમાં જમા કરાવ્યા હતા. મુદત પૂરી થયે આ પૂરેપૂરી રકમ મિત્રને આપી દેવાની હતી—વ્યાજ સહિત. મેં તો કેવળ સાક્ષીભાવે રકમ જમા કરાવી હતી ને મુદત પૂરી થયે સાક્ષીભાવે પૈસા લેવાના હતા. 'બેફામ'ના મરણ વિશેના, પેલા શે'ર 'અવસર મારો હતો ને મારી હાજરી નહોતી'—ની જેમ પૈસા મારે નામે હતા, પણ મારી માલિકીના નહોતા.

'બૅન્ક તરફથી તમને ક્રેડિટ કાર્ડ મળી શકે તેમ છે.' યુવાને કહ્યું.

'ક્રેડિટ કાર્ડની ફી કેટલી છે?'

'મફત, તદ્દન મફત! એક વરસ સુધી.'

'વરસ પછી?'

'વરસ પછી તમારી ઈચ્છા હોય તો નક્કી કરેલી ફી ભરી, કાર્ડ ચાલુ રાખી શકો છો. ઈચ્છા ન હોય તો બંધ કરી શકો છો, પણ વરસ સુધી કશી ફી નહીં. સાવ ફ્રી.'

'તમારી અને તમારી બૅન્કની ભલી લાગણી માટે

આભારી છું, પણ મારે ક્રેડિટ કાર્ડની જરૂર નથી.'

'પણ અંકલ કાર્ડ મફત મળે છે. કાર્ડ પર તાત્કાલિક ત્રીસ હજારની લોન મળી શકશે. એ.ટી.એમ.ની પણ સગવડ છે.' આ એ.ટી.એમ. એટલે શું એ હું સમજી શક્યો નહીં, પણ આપણા જ્ઞાનનું પ્રદર્શન કરવાનો આપણામાં જેટલો ને જેવો ઉત્સાહ હોય છે, તેટલો ને તેવો અજ્ઞાનનો એકરાર કરવાનો નથી હોતો, એટલે એ.ટી.એમ.—એ ત્રણ અક્ષર દ્વારા શું સૂચવાય છે એ મેં પૂછ્યું નહીં.

'તમારી વાત બરાબર છે.' મેં કહ્યું, 'ક્રેડિટ કાર્ડના ઘણાં લાભ હશે, પણ હવે મારે એનો ખપ નથી. નોકરીમાંથી નિવૃત્ત થયો એની સાથે લોન લેવામાંથી પણ હું નિવૃત્ત થઈ ગયો છું.'

'બટ અંકલ, યુ નો, આમાં કાર્ડની સાથે આઠ લાખ રૂપિયાનો વીમો પણ બૅન્ક ઉતરાવશે અને એનું પ્રીમિયમ પણ બૅન્ક ભરશે. ધારો કે કાલે તમને કંઈ થઈ જાય તો—જોકે કાલે કંઈ થઈ જાય તો કશું ન મળે, પણ ક્રેડિટ કાર્ડ મળ્યા પછી, ધારો કે અંકલ, તમે સડનલી ઑફ થઈ જાવ તો આઠ લાખ રૂપિયા મળે.'

'સ્વર્ગમાં?'

'ના, અહીં જ, તમારા ઘરના સભ્યોને આઠ લાખ રૂપિયા મળે.'

કોઈ સંત-મહાત્માની જેમ આ યુવાન મને જીવનની ક્ષણભંગુરતાનો ખ્યાલ આપી રહ્યો હતો અને આ ક્ષણભંગુરતાનો પૉઝિટિવ ઉપયોગ કરવા સમજાવી રહ્યો હતો. આમ છતાં, કાર્ડ લેવાનો મારો ઉત્સાહ વધ્યો નહીં, પરંતુ અત્યાર સુધી યુવાન સાથેનો મારો સંવાદ તટસ્થપણે સાંભળી રહેલા મારા ઘરના સભ્યો આઠ લાખ રૂપિયાના વીમાની વાત સાંભળી એકદમ ઉત્સાહમાં આવી ગયા. 'કાર્ડ મફત મળે તો લઈ લો ને!, એવો અભિપ્રાય સર્વાનુમતે વ્યક્ત થયો. 'જીવતાં તો આ લોકોને કશા કામમાં ન આવ્યો, પણ મરીને કામમાં આવી શકાતું હોય તોપણ કશું ખોટું નહીં.' એમ વિચારી મેં કાર્ડ સંમતિ આપી. 'થેંક્યુ, અંકલ ! આવતી કાલે અમારા એક સાહેબ આવશે અને ફૉર્મ ભરાવી જશે.' કહી યુવાન વિદાય થયો.

આમ જુઓ તો મારું આજ સુધીનું જીવન બધું ક્રેડિટ પર લેવામાં વીત્યુ છે. જ્યાં જ્યાં નોકરી કરી છે, ત્યાં ત્યાં જે-જે લોનો ઉપલબ્ધ હતી, તે-તે લોનો મેં હંમેશા લીધી છે. એક લોન ભરવા બીજી લોન અને બીજી લોન ભરવા ત્રીજી લોન—એમ લોનની શૃંખલા મારા જીવનમાં રચાતી રહી છે. મારા પગારપત્રકમાં લોન અંગેના જેટલાં ખાનાં હોય તે સઘળાં હંમેશાં ભરાયેલાં જ રહેતાં. નિવૃત્ત થયો ત્યારે મારા છેલ્લાં પગારમાંથી ઑફિસમાંથી લીધેલી મકાનની લોનની રકમ એડ્જેસ્ટ કરવામાં આવી હતી. પગારની રકમ ઉપરાંત થોડી રકમ ગાંઠની (અલબત્ત, ક્રેડિટ પર લઈને) ઉમેરીને મેં ઑફિસના મકાન માટેની લોન સરભર કરાવી હતી. ઑફિસની ક્રેડિટ કૉ-ઑપરેટિવ સોસાયટીમાંથી વધુમાં વધુ લોન લેવાનો રેકર્ડ મારે નામે નોંધાયો છે. આ રેકર્ડ, મારી નિવૃત્તિ પછી પણ, હજુ અકબંધ છે. જીવન-જરૂરિયાતની બધી જ ચીજવસ્તુઓ મેં આજીવન ઉધાર લીધી છે. સ્કૂટર, રેડિયો, ટેલિવિઝન, ફર્નિચર, પુસ્તકો, પુસ્તકો રાખવા માટેનાં કબાટનું લાકડું, પેન્ટ-શર્ટ માટેનું મોંઘું કાપડ—બધું જ ક્રેડિટ પર લીધેલા પૈસામાંથી અને ઘર(મકાન) બંધાવ્યું તે પણ મિત્રોના પૈસામાંથી ને પછી ઑફિસની લોનમાંથી. મિત્રોની અને ઑફિસની લોનમાંથી બનેલો મારો ફ્લૅટ જે સોસાયટીમાં આવેલો છે એ ૯૬ ફ્લૅટની આખી સોસાયટી મારા નામની છે—'રતિલાલ પાર્ક!' 'ચમત્કારો આજેય બને છે!'

ઉપરની યાદી હજુ લંબાવી શકાય તેમ છે, પણ સેમ્પલ માટે આટલું પર્યાપ્ત છે. આ બધું જ ક્રેડિટ પર મેળવવા મારે બૅન્કના કાર્ડની ક્યારેય જરૂર પડી નહોતી. અલબત્ત, એ વખતે જો બૅન્કનું ક્રેડિટ કાર્ડ મને મળ્યું હોત તો મારી પાસે કદાચ ફ્લૅટને બદલે બંગલો હોત ને સ્કૂટરને બદલે

ગાડી હોત! જો કે, મને આવું કાર્ડ આપનાર બૅન્ક, આ જ કારણે, કદાચ આજે ન પણ હોત! હવે જ્યારે નાણાકીય વ્યવહારોમાંથી તદ્દન નિવૃત્ત થઈ ગયો છું ત્યારે બૅન્ક મને ક્રેડીટ કાર્ડ આપી રહી છે અને તે પણ મફત! કવિએ નસીબ માટે કહ્યું છે— '*ન માગે દોડતું આવે, રહે એ દૂર માગે તે!*'—એ કેટલું સાચું છે!

*

બીજે દિવસે બૅન્કના ઑફિસર આવ્યા. કાર્ડ માટે મેં સંમતિ આપી એ બદલ એમણે મારો આભાર માન્યો. પછી મારા વિશેની વિગતો ફૉર્મમાં લખવા મને પ્રશ્નો પૂછ્યા, મેં ઉત્તરો આપ્યા. થોડાં ઉદાહરણો:

'અત્યારે તમારી આવક કેટલી?'

'નિશ્ચિત કહી શકાય એવી કશી આવક નથી. વ્યાજની થોડી આવક છે, પણ સરકાર વ્યાજ ઘટાડી-ઘટાડીને એને વધુ ઓછી બનાવી રહી છે. લેખકોને ખૂબ પુરસ્કાર મળવો જોઈએ એમ માનું છું, પણ મળવો જોઈએ એટલો પુરસ્કાર મળતો નથી.'

'પેન્શન?'

'હું જે નોકરી કરતો હતો, એમાં કામનું ટૅન્શન ઘણું હતું, પણ એ નોકરી પેન્શનવાળી નહોતી.'

'ફોર વ્હીલર છે?'

'ના. કારની લોન મળતી હતી, પણ પેટ્રોલ રોકડેથી લેવું પડે તેમ હતું, એટલે કાર લેવાનો વિચાર માંડી વાળેલો.'

'ટુ વ્હીલર છે?'

'ઑફિસની લોન પર સ્કૂટર લીધેલું, ઘણાં વરસ વાપર્યું. પણ જૂનું થઈ ગયું એટલે કાઢી નાખ્યું. અત્યારે કાઈનેટિક ફેરવું છું—પણ એ પુત્રવધુની માલિકીનું છે. એની મંજૂરી મળે ત્યારે ફેરવું છું.'

આ માણસ લોન લેશે અથવા ક્રેડિટ કાર્ડ પર કોઈ ફાઈવસ્ટાર હૉટેલમાં નિવાસ કરશે તો બૅન્કનું શું થશે એવી ચિંતા બૅન્કના અધિકારીને થઈ હોય એવું મારા જવાબો પછી વીલા પડી ગયેલા એમના ચહેરા પરથી લાગ્યું. આમ છતાં, કાર્ડ માટે હું પાત્ર હતો (ભલે સુપાત્ર ન હોઉં) એટલે એ કશું બોલ્યા નહીં. મારા વિશેની વિગતોવાળા ફૉર્મમાં મારી સહી કરાવી અને પછી 'થૅન્ક યુ' કહી વિદાય થયા.

*

બૅન્કનું ક્રેડિટ કાર્ડ મળ્યા પછી મેં છાપામાં વાંચ્યું કે ક્રેડિટ કાર્ડનો નંબર કોઈ જાણી જાય તો એનો દુરુપયોગ થવા સંભવ છે. આ વાંચી હું ગભરાયો. આમ તો કાર્ડનો ઉપયોગ હું કરવાને જ નહોતો, છતાં કાર્ડ ક્યાંક આડુંઅવળું મુકાઈ જાય, ભૂલથી પસ્તીમાં જતું રહે, આવી-આવી શક્યતાઓના વિચારો આવવા માંડ્યા. ચિંતાઓ ધીમે-ધીમે ઘેરું સ્વરૂપ પકડ્યું. એવા વિચારો પણ આવવા માંડ્યા કે ચિંતાને કારણે બ્લડપ્રેશર વધશે, બ્લડપ્રેશર વધશે તો કાં તો હાર્ટએટૅક આવશે ને કાં તો પૅરાલિસિસ થઈ જશે... આવા વિચારો પછી મને લાગ્યું કે આવા વિચારો જોર પકડશે તો હાર્ટએટૅક કે પૅરાલિસિસ નહિ થાય તો ગાંડો તો જરૂર થઈ જઈશ. એના કરતાં કાર્ડ બિલકુલ સલામત રહે એવો ઉપાય શોધવામાં ડહાપણ છે, એમ મને લાગ્યું. મેં બૅન્કના મૅનેજર (કાર્ડની બૅન્ક સિવાયની બૅન્કના) એવા મારા એક મિત્રને એમની બૅન્કમાં વરસ માટે લૉકર ભાડે આપવા વિનંતી કરી. મૅનેજર મિત્રને ઘણી નવાઈ લાગી. લૉકરમાં મૂકવા માટે મારી પાસે એવું કશું છે નહિ એ મિત્ર જાણતા હતા, એટલે એમણે કશું પૂછ્યું નહીં અને મને લૉકરની સુવિધા કરી આપી.

મારું ક્રેડિટ કાર્ડ હવે લૉકરમાં સલામત છે. ક્રેડિટ કાર્ડ મફતમાં મળ્યું છે, પણ એણે સલામત રાખવા માટે લૉકરનું ભાડું ભરી રહ્યો છું.

**(સાભાર: પુસ્તક: 'ભજ આનન્દમ્',**
**પ્રકાશન: ગૂર્જર પ્રકાશન)**

# 'આવતીકાલના આદર્શો' વિશે વિશ્વકોશમાં જય વસાવડાનું વ્યાખ્યાન યોજાયું



ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિના સંવર્ધન માટે તથા ગુજરાતની અસ્મિતા કાજે કાર્ય કરતા ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની ૧૯મી એપ્રિલ ૨૦૦૬થી શરૂ થયેલી છે. જાણીતા વક્તા અને લેખક જય વસાવડાએ આવતીકાલના આદર્શો વિશે વાત કરી હતી. તેમણે એમ કહ્યું કે આદર્શ કોને કહેવાય? ભવિષ્યની રીતે વિચારીએ તો આવતી કાલ કેવી હશે? નવી પેઢીને કેવી રીતે મુલવી શકાય. તેમણે ડિજીટલ યુગની વાત કરતા એમ કહ્યું કે, 'વિતેલો સમય પાછો આવતો નથી. આજનો સમય ડિજીટલ યુગનો થઈ ગયો છે. ડિજીટલ યુગને કારણે માનવની માનસિકતામાં ઘણો ફેરફાર થયો છે. આજના લોકો પહેલાનું બંધિયાર જીવન સ્વીકારતા નથી અને દરેકનો જીવન જીવવાનો ભાવ બદલાયો છે. આ યુગને કારણે માનવીના જીવનમાં ઘણો ફેરફાર થયો છે. જીવન જીવવાની નવી રીતરસમો અપનાવવી પડશે. આ બધાની સાથે આદર્શ પણ હોવો જોઈએ. નવું ટેલેન્ટ તો જ આવે, વિશાળ દૃષ્ટિકોણથી આ બધું જોવું જોઈએ. માનવે ભેદભાવ રાખ્યા વગર અને દરેક સાથે કનેક્શન રાખીને કામ કરવું જોઈએ.' આ માટે તેમણે ઘણા ઉદાહરણો આપીને આવતી કાલના આદર્શો કેવા હોય તેના વિશે વિસ્તારથી વાત કરી. આ કાર્યક્રમમાં યુવાવર્ગ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો.

# વાત એક સમારંભની




'અમી, આજે ગાડી તું જ ચલાવ. હું જરીક ઈમોશનલ થઈ ગયો છું.' અમીએ અજય સામે જોયું. એ બબડી... 'નાટક...' અને એણે ગાડી સ્ટાર્ટ કરી.

સમારંભ હમણાં જ પત્યો. માના મૃત્યુને બરાબર મહિનો થયો. માની સ્મૃતિમાં બે લાખનું દાન કર્યું.

'અમી. આજે ફંક્શન ફાઈન ગયું, નહીં? એન્લાર્જ કરેલો માનો ફોટો કેવો રીયલ લાગતો હતો! તે બાઈએ મા વિશે ઘણી માહિતી એકઠી કરેલી. માના કુટુંબપ્રેમ વિશે સારું કહ્યું.'

ગિયર બદલતાં અમીએ એની સામે નજર નાખી. માનું શબ હજી ઘરમાં હતું અને એ કોઈને કહી રહ્યો હતો, 'આજે એક બહુ મહત્ત્વની એપોઇન્ટમેન્ટ કેન્સલ કરવી પડી!' અરે, અમીનેય એક બાજુ લઈ જઈ કહેલું, 'બહુ રડીશ નહીં, નાહક ત્રાસ થશે.'

આવા દીકરાના મા પ્રત્યેના અગાધ પ્રેમ વિશે આજે સમારંભમાં કેવું કેવું બોલાયું! મા પાછળ બે લાખ રૂપિયાનું માતબર તો દાન કર્યું!

એક દીકરો ને ચાર દીકરીઓને જન્મ આપનારી મા. પતિ સાથે બધાંની નાનીમોટી જરૂરિયાતો પૂરી પાડનારી મા. સવારથી રાત સુધી ઘરકામમાં ડૂબી રહેતી મા. લગ્ન પછી પણ દીકરીઓ હક્કથી આવતી. 'મા તારા હાથના ખમણ... તારા હાથનાં દહીંવડાં... તારા હાથની પૂરણ-પોળી

તારા જમાઈને દાઢમાં રહી ગઈ છે...' અને મા હોંશેહોંશે ફરમાઈશો પૂરી કરતી. પણ ભોજન પૂરતા એ બધા માના. ભોજન પત્યે કે માને સાવ ભૂલીને બહાર વરંડામાં ગપ્પાં-ગોષ્ઠી અને બિઝનેસની વાતો ચાલતી. ફરી જતાં-જતાં પૂછતાં, 'મા, ફરી ક્યારે આવીએ?'

માનું રાજ રસોડામાં. બાકી ઘરમાં એની કશી પૂછતાછ નહીં. અમી નવીનવી આવી, ત્યારે એને આ કઠતું. પણ અજયને કહેવા ગઈ તો એણે તો હસી કાઢ્યું, 'ઓ માય! મા જિંદગી આખી આ જ કરતી આવી છે. બીજું કશું એને આવડતું નથી. તું નાહક સેન્ટિમેન્ટલ ન થતી.'

'બાય ધ વે, અમી! હું આજે કેવું બોલ્યો?'

અમીને મનોમન હસવું આવ્યું. જેને બે ઘડી મા સાથે નિરાંતે બેસવાની ફુરસદ નહોતી, તે આજે માનાં સૂંડલો ભરીને વખાણ કરી આવ્યો હતો. અજય શું કામ, સસરાંને પણ મા સાથે નિરાંતે બેસીને કોઈ વાત કરતાં અમીએ જોયા નથી. બાપ-દીકરો ધંધાની વાતોમાં જ હંમેશા ખોવાયેલા હોય. ઘરની કોઈ વાત હોય તોયે 'એને એમાં શું સમજાય? — કહી માની ઉપેક્ષા જ.

સસરા સવારે છાપું લઈને બેઠા હોય. દિવસ આખો ઑફિસે. સાંજે ક્લબમાં કે ટેનિસ રમવા. એક ભૈયો આવતો. કલાકેક માલિશ કરતો. તેની સાથે કાંઈ ને કાંઈ વાતો કરતાં. એક વાર માએ કહ્યું, 'હું માલિશ કરી દઉં? એ માણસ સાથે જેટલું બોલો છો, તેટલું તો મારી સાથે બોલો!' બધાં ખડખડાટ હસી પડેલાં. માની આંખમાં પાણી આવી ગયેલાં.

મા માત્ર ચાર ચોપડી ભણેલી. તેર વર્ષની ઉંમરે પરણીને આ ઘરમાં આવી હતી. ઘર તો ઘણું શ્રીમંત પણ નોકર પાસે રંધાવવાની પ્રથા નહીં. એટલે રસોડું બધું માને માથે. પાંચ-પાંચ છોકરા ઉછેર્યા. અજય નાનપણમાં બહુ માંદો રહેતો. માએ એને માટે કેટલા ઉપવાસ કર્યા, મિષ્ટાન્ન છોડ્યાં, માનતાઓ માની! પણ આજે અજયે ભાષણ કર્યું, તેમાં આમાંનું કાંઈ નહોતું. ગોર્કીની 'મધર'માંથી જ ઉતારા આપતો રહ્યો. ગઈ રાતે જ મંગાવીને એ પુસ્તક ઊથલાવી ગયેલો. 'ઢોંગી!...'

અમીને મોટે મોટેથી ઢોંગી... ઢોંગી... બરાડી દેવાનું મન થઈ આવ્યું. પચાસ પચાસ વરસ સુધી એ બાઈએ આ ઘર માટે જાત ઘસી નાખી. છતાં આ ઘરમાં નોકરડી કરતાં જરીકે વિશેષ સ્થાન એનું ન રહ્યું. આજે એના નામે આવડો મોટો સમારંભ. એ પણ માની નહીં, ઘરની વાહ વાહ કરાવવા સ્તો!

છેલ્લા પાંચેક વરસથી તો મા ભ્રમિત જેવી થઈ ગયેલી. એકલી એકલી બબડતી રહેતી. રસોડું એની પાસેથી છોડાવીને મહારાજ રાખી લીધેલા. એટલે તો હવે માની કોઈને કાંઈ ગરજ ન રહી. એક ઓરડીમાં પડી રહેતી. બારણાં કાયમ બંધ, જેથી ઘરમાં કશું ડિસ્ટર્બન્સ નહીં!

મા ઘણું ઈચ્છતી કે માનતાઓ માની ઉછરેલો એકનો એક દીકરો પોતાની પાસે બેસે. પણ દીકરાને વખત ક્યાં હતો? હા, દીકરાનો દીકરો પિન્કુ દાદીમા પાસે બેસતો, જાતજાતની વાતો કરતો. દાદીમાં મરી ગયાં, ત્યારે ઘરમાં એ જ સાચકલું રડેલો. આજે એને આ સમારંભમાં આવવા બહુ મનાવ્યો, પણ ન જ માન્યો.

ઘરમાં પ્રવેશતાં અજય બોલ્યો, 'પિન્કુ ક્યાં? એણે કાંઈ ખાધું-પીધું કે નહીં?'

'બાબાશેઠ તો ક્યાં માને છે? માળા જ બનાવતા રહ્યા. માના ઓરડામાંથી બહાર જ નથી નીકળતા.'

અજય-અમીએ જઈને જોયું તો માના ફોટાને માળા પહેરાવી પિન્કુ એની સામે જોતો બેઠો હતો.

**(વૃંદા ભાર્ગવેની મરાઠી વાર્તાને આધારે,**
**રૂપાંતરઃ હરિશ્ચન્દ્ર, પુસ્તકઃ 'વીણેલાં ફૂલ'માંથી,**
**સાભારઃ યજ્ઞ પ્રકાશન)**



અમર ભટ્ટ

# સૂરની પાંખે શબ્દનો વિહાર

સર્જન માટે જેમ કવિ શબ્દનો આધાર લે છે તેમ સ્વરકાર સૂરની પાંખે શબ્દને વિહાર કરાવે છે. સૂફી સંત અને સંગીતકાર હઝરત ઇનાયત ખાને પુસ્તક 'The Heart of Sufism'માં સ્વરકાર દ્વારા થતા સર્જન વિશે સૂચક રીતે આમ કહ્યું છે: 'Composition is an art rather than a mechanical arrangement of notes. A composer of music performs his small part in the scheme of nature as a creator. His work is not a labor—it is a joy of highest order.' એક જ કાવ્યનાં અનેક સ્વરાંકનો હોય એવી ઘટના ગુજરાતી કાવ્યસંગીતમાં અનેકવાર બની છે. સામાન્ય રીતે શ્રોતાઓના મનમાં એક સ્વરાંકન વસી ગયું હોય ત્યારે એ જ ગીતનાં અન્ય સ્વરાંકનો સ્વીકારવા ઓછી તૈયારી બતાવે છે, પણ જો સ્વરાંકનની પાછળ જઇને એની પાછળનો એનો દષ્ટિકોણ આપણે સમજીને તો દરેક સ્વરાંકન આપણે માણી શકીશું. આજે એવા જ એક ગીત વિશે વાત કરવી છે જેનાં ચાર સ્વરાંકનો મેં સાંભળ્યા છે. રાવજી પટેલનું ખૂબ જાણીતું ગીત છે—

**મારી આંખે કંકુના સૂરજ આથમ્યા.**

રાવજી પટેલ પોતે આ ગીત લગ્નગીતના ઢાળમાં ગાતા એમ મેં સાંભળ્યું છે. ગીતનું શીર્ષક 'આભાસી મૃત્યુનું ગીત' છે. તો લગ્નગીતનો ઢાળ શા માટે? બીજી અને ત્રીજી પંક્તિમાં કંઈક સંકેત કવિ આપે છે.

**મારી વે'લ શંગારો વીરા, શગને સંકોરો,**
**અજવાળાં પહેરીને ઊભા શ્વાસ.**

કવિએ ઉપયોગમાં લીધેલા અનુસ્વારો—'શંગારો' (શણગારો નહીં) અને 'સંકોરો' પણ સંગીતમય લાગે છે. હવે, 'નાણાવટી રે સાજન બેઠું માંડવે' એ લગ્નગીતના ઢાળમાં તમે આ ગીત ગણગણશો—'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા'. એનો ઠેકો તાલ દીપચંદીમાં છે. આટલી પૂર્વભૂમિકા પછી હવે આ કાવ્યનાં ચાર સ્વરાંકનો વિશે.

આ ગીતનાં બે સ્વરાંકનોથી આપણે પરિચિત છીએ—એક અજિત શેઠનું, જે ભૂપિન્દર સિંઘના અવાજમાં પ્રાપ્ય છે. અને બીજું ક્ષેમુ દિવેટીઆનું, જેને આપણા સમર્થ ગાયક રાસબિહારી દેસાઈનો કંઠ મળ્યો. ક્ષેમુભાઈનું સ્વરાંકન ફિલ્મ 'કાશીનો દીકરો'માં લેવામાં આવેલું. આ ઉપરાંત અતુલ દેસાઈ અને હરિશ્ચન્દ્ર જોશીએ પણ આ ગીત સ્વરબદ્ધ કર્યું છે.

અતુલભાઈનું સ્વરાંકન એમના અમેરિકાના એક કાર્યક્રમના ધ્વનિમુદ્રણમાં સચવાયું છે. ગાતા પહેલાં અતુલભાઈએ બાંધેલી ભૂમિકામાં રાવજી પટેલનો લગ્નગીતનો ઢાળ બતાવ્યો છે. અતુલભાઈ શાસ્ત્રીય ગાયક હતા. એમણે ઠેકો લગ્નગીતનો જ રાખ્યો છે અને સ્વરાંકનમાં સૂરજ આથમવા સમયે ગવાતા સંધિપ્રકાશ રાગ પટદીપનો ઉપયોગ કર્યો છે. હરિશ્ચન્દ્ર જોશીનું ગાયેલું આ ગીત એમના છ સીડીના સંચય 'સંગત'ના છઠ્ઠા ભાગમાં એમના જ અવાજમાં છે. મુખડાનું એમનું સ્વરાંકન લગ્નગીતની ખૂબ નજીક છે.

અજિત શેઠ સિવાયના ત્રણ સ્વરાંકનો લગ્નગીતની જેમ સાત માત્રા ચૌદ માત્રાના ઠેકામાં છે. અજિત શેઠનું સ્વરાંકન છ માત્રાના ઠેકામાં (કદાચ ધીમી હીંચમાં) છે. એમાં રાગ શિવરંજનીના સ્વરો પરિચિત લાગે છે. વ્હેલડું-ગાડું જઈ રહ્યું છે એ ભાવ આ ઠેકામાં વ્યક્ત થાય છે. રાસભાઈ પાસે લોકસંગીતના ઢાળમાં કવિ દાદનું એક ગીત આ જ ઠેકામાં શીખેલા—

**શ્રાવણ મહિને તેડવા ના'વ્યો વ્હેલડું લઈને વીર,**
**આ મહિયર ઘેલી દીકરી પાડે નેણલે ઊનાં નીર.**

તે યાદ આવી ગયું.


પ્રથમ પંક્તિ 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા' સ્વરમાં આથમવાને બદલે નીચેથી ઊંચે કેમ જાય છે એ પ્રશ્ન વાગોળતા જવાબ મળ્યો કે કદાચ શ્વાસ અંતિમ વિદાય લે છે ત્યારે એની ઊર્ધ્વગતિ સ્વરમાં દર્શાવવાનો અજિત શેઠ પ્રયાસ કરે છે. (અતુલભાઈના સ્વરાંકનમાં આ જ શબ્દો સ્વરમાં રાગ પટદીપના શુદ્ધ નિષાદથી ઉપરથી નીચે કોમલ ગાંધાર સુધી આવે છે ને આથમવાનો ભાવ વ્યક્ત કરે છે.)

ક્ષેમુભાઈ પ્રથમ પંક્તિમાં રાગ નટભૈરવનો ઉપયોગ કરે છે. ફિલ્મ 'કાશીનો દીકરો'માં લગ્ન બાદ તરત નાયકના અકાળ અવસાનના કરુણ ગંભીર દૃશ્યને ઉપસાવવામાં એ ગીત અને રાસભાઈનો અવાજ મદદરૂપ થાય છે. બીજા અંતરાની પ્રથમ પંક્તિના શબ્દો છે—'મને રોકે પંછાયો, એક ચોકમાં રે'. ક્ષેમુભાઈના સ્વરાંકનમાં 'પંછાયો' શબ્દ બે વાર આવે છે.—'મને રોકે પંછાયો, પંછાયો એક ચોકમાં'—આમ કેમ? કાશ ક્ષેમુભાઈ હતાં ત્યારે આવો સવાલ થયો હોત! ઉમાશંકર જોશીએ આ ગીતને 'રાવજીનું હંસગીત; કહીને એનો આસ્વાદ કરાવ્યો છે. મૃત્યુની ભયાનકતા બિહામણી રીતે નહીં પણ ભવ્ય રીતે રજૂ કરતું આ ગીત અને એનાં થયેલાં અને હવે પછી થનારાં અનેકવિધ સ્વરાંકનો આપણા કાવ્ય-સંગીતને સમૃદ્ધ કરે છે, કરતાં રહેશે. કવિના શબ્દની તાકાત એવી હોય છે કે આપણને એક જ કાવ્યનાં અનેકવિધ સ્વરાંકનો મળે છે.

છેલ્લે, શ્વાસની વિદાય માટે હરીન્દ્ર દવે શું કહે છે?

**'લ્યો રવાના થયો દૂરની સફર પર શ્વાસનો કાફલો.'**

**(સાભાર: વિશ્વકોશ, વિશ્વવિહાર)**

# સાહિત્યના વન-ઉપવનમાં કથાગીતોની મનભાવન કેડી એટલે 'સ્વરસેતુ'નો કાર્યક્રમ કથાગીતો



પ્રજામાંથી પ્રગટેલ અને પ્રજામાં વિસ્તરેલ સાહિત્યનાં મૂળિયાં સમગ્ર જીવન સાથે અભિન્નપણે જોડાયેલાં છે. આવા સાહિત્યના વન-ઉપવનમાં કથાગીતો-ગીતકથાઓની મનભાવન કેડી કંડારાયેલી છે. આવા કથાગીતોમાં વીરરસ, કરૂણરસ, શૃંગારરસ વગેરે છલકતાં જોવા મળે છે. આધુનિક સાહિત્યમાં પણ આખ્યાન અને ખંડકાવ્યો દ્વારા કથા વિસ્તરતી આવી છે. આ જ પરિકલ્પનાને આધારે સ્વરસેતુનો ૧૮મા વર્ષનો ત્રીજો અને સળંગ ૯૬મો કાર્યક્રમ 'કથાગીતો' તાજેતરમાં યોજાઈ ગયો.

જીવનને હૂંફ આપતા કથાગીતોનો આ રસથાળ હાજર રહેલાં સૌ કોઈ શ્રોતાઓએ મનભરીને માણ્યો. સ્વરસેતુ સંસ્થા સાથે વર્ષોથી સંકળાયેલા જીનાબેન વીરેન શેઠ દ્વારા સંકલિત ગુજરાતી કથાગીતોનું એક પુસ્તક તાજેતરમાં પ્રકાશિત કરવામાં આવ્યું. આ પુસ્તકને આધારે આ કાર્યક્રમની પ્રસ્તુતિ કરવામાં આવી. દર્શના ગાંધી, શ્રુતિ મોદી, નીરવ વૈદ્ય, શ્યામલ મુનશી તેમજ સૌમિલ મુનશી દ્વારા કેટલાંક અમર કથાગીતો, પૌરાણિક કથાગીતો, ઐતિહાસિક કથાગીતો, ચરિત્ર કથાગીતો, ભક્તિસભર કથાગીતો, બાળ કથાગીતો, અનુવાદિત કથાગીતો, લોક કથાગીતો વગેરેની રજૂઆત કરવામાં આવી હતી.



સૌમિલ મુનશી

કાર્યક્રમ સાથે સંકળાયેલ વિષયવસ્તુની માંડણી કવિ અંકિત ત્રિવેદીએ કરી હતી. ક્યારેક તેમણે કથામાં રહેલાં કાવ્યની પણ વાત કરી હતી તો ક્યારેક કાવ્ય દ્વારા અને કાવ્ય સમીક્ષા દ્વારા કથાના સંદેશને ભાવકો સુધી વહેવડાવ્યો હતો.



શ્યામલ મુનશી

પ્રજાવત્સલ રાજવી કવિ કલાપીનું કથાકાવ્ય 'ગ્રામ્યમાતા' સૌ કલાકારોએ છંદગાન સાથે રજૂ કર્યું ત્યારે સૌ શ્રોતાઓએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતું. કવિ દલપતરામનું બોધાત્મક કટાક્ષકાવ્ય 'ઊંટ કહે આ સમામાં' પણ ચાહકોને પસંદ પડ્યું હતું. શ્યામલ-સૌમિલ દ્વારા ફિલ્મ 'રામરાજ્ય'નું ગીત 'ભારત કી એક સન્નારી કી હમ કથા સુનાતે હૈ' રજૂ કરવામાં આવ્યું હતું જેને સૌએ વન્સમોર દ્વારા વધાવી લીધું હતું.



અંકિત ત્રિવેદી

કથાગીતનાં સ્વરૂપમાં રહેલાં અમુલ્ય વારસાને અને બહુમૂલ્ય ખજાનાને સુજ્ઞ શ્રોતાઓ સાથે વહેંચી સ્વરસેતુએ ગમતાંનો ગુલાલ કર્યો હતો. જીનાબેન, વીરેનભાઈ અને હસમુખભાઈના સહકારથી આ કાર્યક્રમની પ્રસ્તુતિ યાદગાર બની હતી અને તેમણે સ્વરસેતુના સૌ સભ્યમિત્રોને આ પુસ્તક ભેટસ્વરૂપે આપ્યું હતું.



શ્રુતિ મોદી અને દર્શના ગાંધી

વાદ્યવૃંદમાં નિલય ત્રિવેદી, લવ કંસારા, મનીષ કંસારા, દીપેશ ત્રિવેદી, અર્ચન કવિશ્વર, મહેશ વાઘેલા, શ્રેયસ દવે અને મયુર દવેનો સહકાર સાંપડ્યો હતો. સાઉન્ડ સિસ્ટમની વ્યવસ્થા મંથન ભટ્ટ દ્વારા સંભાળવામાં આવી હતી જ્યારે પ્રકાશ આયોજન હેરી ઉપાધ્યાય દ્વારા કરવામાં આવ્યું હતું અને રંગમંચ સુશોભન અર્પિત ભટ્ટ અને સુભાષ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.




સમગ્ર કલાકારવૃંદ

# 'ભજન ઉપર બોલી ન શકાય, ભજન એટલે પ્રેમ' : પૂજ્ય મોરારિબાપુ



ચિત્રકૂટધામ, તલગાજરડા ખાતે ૨૫ નવેમ્બરના રોજ ભજનના મર્મીઓ દ્વારા 'ભજન વિચાર' સંગોષ્ઠી યોજાઈ હતી. જેમાં પૂજ્ય મોરારિબાપુના સાન્નિધ્યમાં જાણીતા ભજનમર્મી રમેશ મહેતાએ ગુજરાતી સંત-સાહિત્યની પૃષ્ઠભૂમિકા રજૂ કરી હતી.



જ્યારે સંતવાણી સર્જક સંત-કવિ પ્રીતમદાસ વિશે પ્રશાંત પટેલે અને ભજન સ્વરૂપ વિચાર-બંસરી, મોરલી અને રૂપકાત્મક ભજનો વિશે સુરેશ જોશીએ પોતાના અભ્યાસપૂર્ણ વિચારો રજૂ કર્યા હતા. આ સંગોષ્ઠિનું સંયોજન જાણીતા કવિ હર્ષદ ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું.







રાત્રિ કાર્યક્રમમાં સંતવાણીનાં આદિસર્જકની વંદના — શ્રી પ્રીતમદાસ (પ્રતિનિધિ હિતુલકુમાર પટેલ, અધ્યક્ષ, પ્રીતમ સેવા ટ્રસ્ટ, સંડેસર, જિ. આણંદ). આ ઉપરાંત લક્ષ્મણ બારોટ (ભજનિક), ભાવનગર સ્થિત નરેન્દ્ર મહેતા (વાદ્ય સંગત-તબલાં), વડોદરાના ખંડેરાવ જાધવ (વાદ્ય સંગત-બેન્જો) અને જસદણના દલપતરામ દેશાણીને (વાદ્ય સંગત-મંજીરા) સંતવાણી એવૉર્ડ (૧૧)-૨૦૧૮ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.



ત્યારબાદ પૂજ્ય મોરારિબાપુએ પ્રાસંગિક વક્તવ્ય આપતાં જણાવ્યું કે, 'ભજન ઉપર બોલી ન શકાય, ભજન એટલે પ્રેમ, ભજનરૂપી પરમતત્વ છે કે જે ત્રણેય લોકમાં વ્યાપ્ત છે.' પ્રારંભિક સંચાલન અને સંકલન હરિશ્ચન્દ્ર જોશી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભદ્રાયુ વચ્છરાજાની, નિરંજન રાજ્યગુરુ, દલપત પઢિયાર, ભીખુદાન ગઢવી, હેમંત ચૌહાણ, કીર્તિદાન ગઢવી ઉપરાંત વિદ્વાનો અને રસિકો, ભાવકો ઉપસ્થિત રહ્યા હતા.



# કલાધારિણી બહેનો તાના-રીરીની સંગીતસ્મૃતિને સન્માનવા તાના-રીરી મહોત્સવનું આયોજન કરાયું



સંગીત કલાને સમર્પિત રહી પોતાના જીવનને અમર કરનાર કલાધારિણી બહેનો તાના-રીરીની સંગીતસ્મૃતિને સન્માનવા ગુજરાતના પ્રાચીન નગર વડનગર ખાતે પ્રતિ વર્ષ કારતક સુદ નોમના દિવસે તાના-રીરી મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ તથા ગુજરાત રાજ્ય અને મહેસાણા જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે તાના-રીરી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નિતીનભાઈ પટેલના હસ્તે વડનગર ખાતે આ મહોત્સવનો દબદબાભેર પ્રારંભ કરવામાં આવ્યો હતો.



પ્રથમ દિવસે કલાગુરૂ મહેશ્વરી નાગરાજમ દ્વારા પ્રાર્થના, નૃત્ય કલાકેન્દ્ર દ્વારા સમૂહ ભરતનાટ્યમ, તબલાં તાલીમ સંસ્થા દ્વારા સમૂહ તબલાં વાદન, સપ્તક સ્કૂલ ઓફ મ્યુઝીક દ્વારા સમૂહ સિતાર અને સંતુર વાદન, વિદુષી પીયુબેન સરખેલ દ્વારા ગાયન પ્રસ્તુતિ, પંડિત વિશ્વમોહન ભટ્ટ દ્વારા મોહનવિણા, સલીલ ભટ્ટ દ્વારા સાત્વિક વિણા અને હિમાંશુ મહંતે તબલાં પ્રસ્તુતિ કરી હતી જ્યારે સાયલી તલવારકર અને સંગીતકારો દ્વારા ગાયન પ્રસ્તુતિ કરવામાં આવી હતી.



મહોત્સવ અંતર્ગત ૧૮મી નવેમ્બર, રવિવારના રોજ માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે તાના-રીરીની સ્મૃતિમાં તાના-રીરી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. પદ્મશ્રી આશા ભોંસલે, પદ્મભૂષણ ડૉ. શ્રીમતી એન. રાજમ તથા વિદુષી શ્રીમતી રૂપાંદે શાહને આ પુરસ્કારથી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. દ્વિતીય દિવસના સંગીત કાર્યક્રમમાં ગજાનન સાળુંકે દ્વારા શરણાઈ વાદનની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ત્યારબાદ ડૉ. ધારી પંચમદાએ રાગ જોગથી શરૂ કરીને ભૈરવી, બૈરાગી, બસંતબુખારી, ભૈરવ, લલીત, બીલાવલ, હિંડોલ, ગુર્જરતોડી, મૂલતાની, મધુમતી, ભોપાલી, યમન, પૂરિયા કલ્યાણ, મારવા, વાચસ્પતિ, કલાવતી, રાગેશ્રી, ગોરખ કલ્યાણ, શિવરંજની, દરબારી, માલકૌસ રાગોની રજૂઆત કરી અને ગિનીઝ બુક ઑફ વર્લ્ડ રેકર્ડમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ વિવિધ રાગોની પ્રસ્તુતિ તેમણે માત્ર પાંચ મિનિટમાં જ કરી હતી. ત્યાર પછી પદ્મભૂષણ ડૉ. એન. રાજમ દ્વારા વાયોલીન વાદન, સાધના સરગમ દ્વારા ગાયન પ્રસ્તુતિ તથા ઋષિકેશ રોનુદા મજુમદાર દ્વારા વાંસળીવાદનની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.



સંગીત અને ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતા વિવિધ નૃત્યોનો અદ્‌ભુત સમન્વય નિહાળી વડનગર અને ઉપસ્થિત અસંખ્ય સંગીતપ્રેમીઓ અભિભૂત બન્યા હતા.





વિનોદ જોશી

# પ્રશ્નાર્થ સાથે ઊભેલો અન્વેષક કવિ



**ક્ષણનો સવાર ક્યાં છે? ક્ષણ મારમાર ક્યાં છે?**
**ક્ષણક્ષણને વીંધતું એ શર ધારદાર ક્યાં છે?**

**એ આંખથી જ બોલે ને આંખ ભેદ ખોલે,**
**ઘેઘૂર રિક્ત આંખે એકે વિચાર ક્યાં છે?**

**અસ્તિત્વ ઝળહળળ છે, અસ્તિત્વ રણઝણણ છે;**
**અસ્તિત્વ ઝરમરનો એ સૂત્રધાર ક્યાં છે?**

**આરોહ પણ નથી ને અવરોહ પણ નથી ત્યાં,**
**એના મિજાજના જો, કોઈ પ્રકાર ક્યાં છે?**

**ક્યારેક 'હા' કહે ને ક્યારેક 'ના' કહે પણ,**
**'હા'માં હકાર ક્યાં છે? 'ના'માં નકાર ક્યાં છે?**

**— જાતુષ જોશી**

વિચારપ્રધાન કવિતાનો બ. ક. ઠાકોરે મહિમા કરેલો. 'પોચટ આંસુ સારતી' પુષ્કળ કવિતા સામે આ એક મજબૂત કહેવાય તેવો મોરચો હતો. વર્ડ્ઝવર્થ, શેલી અને કીટ્સ જેવા ઊર્મિકવિઓનો પ્રભાવ ઝીલતી ગુજરાતી કવિતા સામે ઠાકોરના આગ્રહને અનુસરતી વિચારપ્રધાન કવિતાનો યુગ બેઠો, જેનો સૌથી વિશેષ આવિષ્કાર સૉનેટ અને અછાંદસ કવિતામાં થયો છે. છેલ્લી ત્રીસીમાં બળવત્તર બનેલું ગઝલનું કાવ્યસ્વરૂપ નિતાન્તપણે ઊર્મિકાવ્યનું જ સ્વરૂપ છે, તેમ છતાં તેમાંય આ વિચારપ્રધાન મુદ્રાનો આવિષ્કાર જોવા મળે છે તે કાવ્યસ્વરૂપમાં સમયાંતરે આવતા પરિવર્તનોની ગવાહી આપે છે. અહીં પસંદ કરવામાં આવેલી ગઝલ એક ચોક્કસ

વૈચારિક મુદ્રાને તાકે છે અને ઊર્મિના તળપ્રદેશમાંથી વછૂટવા મથે છે.

'ક્યાં છે?' તેવો પ્રશ્નાર્થ એક સાથે બે ભાત રચી આપે છે. એક તો તેમાં સ્થળ વિશેની પૃચ્છા વાંચી શકાય બીજુ 'ક્યાંય નથી.' તેવી વ્યંજના પણ તેમાંથી ઉકેલી શકાય. એક સાથે પ્રશ્ન અને ઉત્તરની બેવડી અર્થવ્યાપ્તિ અહીં સમાયેલી છે અને કવિએ તેનો ઉચિત લાભ આખીયે ગઝલમાં લીધો છે.

વિચારપ્રધાનતા મોટે ભાગે તો કાવ્યતત્ત્વને ગુંગળાવી દે તેવું બને. કારણ કે તેમાં હૃદય કરતાં ચિત્તની પ્રવૃત્તિ સવિશેષ રૂપે થતી હોય છે. વિચારની અભિવ્યક્તિને તર્કનું બળ હોય છે તેથી તેમાં કોઈક પ્રકારની પ્રતિબદ્ધતા પણ આવી જતી હોય છે. આ કારણે વિચારપ્રધાન કવિતામાં કાવ્યક્ષમ વ્યંજના નીપજાવવી દુષ્કર છે. વિચારની જાડ્યતા ઓગાળી દઈ કવિએ સૂક્ષ્મ વ્યંજના સાધવા ઘણું સતર્ક રહેવું પડે છે. આ ગઝલના પહેલા શે'રથી જ એ બની શક્યું છે.

> આંખથી બોલવું અને આંખથી જ ભેદ ખૂલવા એટલે શું તે હવે સમજાશે. પણ જે કંઈ ખૂલે છે તે એટલું તો નગણ્ય છે કે તેની ઘેઘૂરતાનો અનુભવ પળવારમાં રિક્તતાના અનુભવમાં બદલાઈ જાય છે.

'ક્ષણનો સવાર' કહી અમૂર્ત સમયને પલાણીને બેઠેલા કોઈક વિશે અને પછી તરત જ એ અમૂર્ત સમયના અસ્તિત્વ વિશે કવિને પ્રશ્ન થાય છે. સમયનો નિયંતા કવિને દેખાતો નથી તો સાથોસાથ સમય ખુદ પણ કોઈ પ્રતીતિ આપતો નથી. કેવળ એ 'માર માર' ચાલ્યો જાય છે તેટલું જ અનુભવાય છે. સમયનું આમ નિરંતર નીકળતા જવું કવિને માટે વ્યથાનું કારણ છે. તેવું અહીં ક્યાંય ન કહેવાયું હોવા છતાં વ્યંજિત છે તેનો પુરાવો બીજા મિસરામાં જ મળે છે. સમય પાછળ પડેલું કોઈ ધારદાર શર એ જ કવિની શોધ છે. સંસ્કૃત નાટકોના જાણકારોને અહીં, મૃગયા કરવા નીકળેલા રાજા દુષ્યંતને ભયથી માર માર દોડતા આશ્રમ મૃગની દિશામાં તાકેલું તીર દેખાય તો નવાઈ નહીં.

બીજા શે'રમાં કવિના વિચારની દિશા બદલાઈ જાય છે. અહીં તો કવિ સ્પષ્ટરૂપે 'એકે વિચાર ક્યાં છે?' એવો પ્રશ્ન પૂછી એવો જ વિચાર થયા કરતો હોવાથી લાક્ષણિક રજૂઆત કરે છે. આ શે'રમાં 'ઘેઘૂર' અને 'રિક્ત' એવા બે પરસ્પર વિરોધી શબ્દ એમનો સ્થાન ધર્મ બરાબર બજાવે છે. અહીં 'ઘેઘૂર' શબ્દને આંખોના વિશેષણ તરીકે લઈ જુઓ. આંખથી બોલવું અને આંખથી જ ભેદ ખૂલવા એટલે શું તે હવે સમજાશે. પણ જે કંઈ ખૂલે છે તે એટલું તો નગણ્ય છે કે તેની ઘેઘૂરતાનો અનુભવ પળવારમાં રિક્તતાના અનુભવમાં બદલાઈ જાય છે. પ્રાપ્તિ અને તેનું વૈતથ્ય અહીં બહુ નોંધપાત્ર રીતે કવિ ઉપસાવે છે. ઘેઘૂર રિક્તતા એ પણ એક સમૃદ્ધ ઉપલબ્ધિ છે. ચાલતી કલમે જ એક શે'ર આવે છે:

**જે કંઈ મળ્યું છે તે જ મળ્યું એમ ના ગણાય,**
**એ પણ મળ્યું ગણાય કે કંઈપણ મળ્યું નહીં.**

અને હવે કવિ સીધા જ અસ્તિત્વના મામલે આવીને ઊભા રહે છે. અહીં આંખ કાન અને સ્પર્શની ઈન્દ્રિયો સાથે હોવાના અનુભવને જોડીને એ અનુભવને સુલભ કરી આપનાર સૂત્રધાર વિશે કવિ પ્રશ્ન કરે છે. જૂની ફિલ્મના કોઈ ગીતમાં 'યે કૌન ચિત્રકાર હૈ?' એવો પ્રશ્ન કરી સમષ્ટિના સર્વરંગોની ભાત ઉપસાવી તેના કર્તા વિશે નિરુત્તર રહ્યાનો ભાવ પ્રગટ થયેલો અનુભવ્યો છે. અહીં કવિ ખુદના અસ્તિત્વ વિશે એવો પ્રશ્ન રચે છે. જોઈ શકાશે 'ઝળહળ' જેવો આંખોને સક્રિય કરતો, 'રણઝણ' જેવો કાનને સક્રિય કરતો અને 'ઝરમર' જેવો દૃષ્ટિ અને ત્વચા બન્નેને સભાન

કરતો શબ્દ એક એક વધારાનો વર્ણ લઈને અનુભવની તીવ્રતાને દઢાવે છે. કવિ ભાષા પાસેથી કેમ વધુ સારું કામ લઈ શકાય તે વિશે સભાન છે તેવું અહીં દેખાય છે.

> કુદરત પાસે ભૂગોળ છે, ભૂમિતિ નથી. કોઈ પતંગિયું સીધી લીટીમાં ઊડતું નથી. કોઈ પર્વત ચોરસ હોતો નથી. કોઈ પાંદડું ત્રિકોણ આકારનું હોતું નથી. નિસર્ગ સાથે આરોહ-અવરોહ અનિવાર્યપણે, અભિન્નભાવે જોડાયેલાં છે.

આરોહ અને અવરોહ વગરનું પ્રકૃતિનું એકેય સર્જન નથી. સપાટતા એ જાણે પ્રકૃતિનો વિષય જ નથી. એ વિષય છે મનુષ્યનો. કુદરત પાસે ભૂગોળ છે, ભૂમિતિ નથી. કોઈ પતંગિયું સીધી લીટીમાં ઊડતું નથી. કોઈ પર્વત ચોરસ હોતો નથી. કોઈ પાંદડું ત્રિકોણ આકારનું હોતું નથી. નિસર્ગ સાથે આરોહ-અવરોહ અનિવાર્યપણે, અભિન્નભાવે જોડાયેલાં છે. પણ અહીં કવિ નિસર્ગના જ એક સર્જન એવા મનુષ્યના મિજાજની સપાટતાનો નિર્દેશ કરી સૂક્ષ્મ વિડંબના સર્જે છે. જે નિસર્ગના મૂળભૂત લયનો પરિહાર કરે છે તેનાથી મોટો દ્રોહી કોઈ ન હોઈ શકે. આ કાવ્ય ગઝલ છે અને ગઝલમાં રોમેન્ટિક અભિવ્યક્તિ મુખ્ય ગણાય છે તેમ માનીને ચાલીએ તો 'એના' એમ કહી કવિએ જેનો સંકેત કર્યો છે તે પ્રિયપાત્રના 'મિજાજ'ના ફિક્કા રંગ વિશેનો પ્રશ્ન પણ ત્યાં વાંચી શકાય. અને તેનો પુરાવો આ ગઝલના અંતિમ શે'રમાં મળે પણ છે. અહીં આવતાં આ રચના જાણે શુદ્ધ ગઝલ બની ગઈ હોય તેવો 'મિજાજ' દેખાડે છે.

**ક્યારેક 'હા' કહે ને ક્યારેક 'ના' કહે પણ,**
**'હા'માં હકાર ક્યાં છે? 'ના'માં નકાર ક્યાં છે?**

સંમતિ અને અસંમતિના મામલે મુંઝાતા કવિની શ્રદ્ધા ડગી જાય એ હદે હકારમાં નકાર અને નકારમાં હકારનું વિચલન થયા કરે છે. વિશ્વસનીયતાનો કોઈ માપદંડ ન રહે ત્યારે 'છે છતાં નથી'ની સ્થિતિ સર્જાય છે. કવિ બહુ સહજ રીતે પોતાની સામે ભજવાતા આ ખેલને સ્વીકારી લે છે, પણ એ બધું સમજે છે જરૂર. અને એટલે જ 'ક્યાં છે?' એવો પ્રશ્ન કરી, જે સન્મુખ છે તે સિવાયના અન્ય કશાની પોતાને શોધ છે તેવું સ્પષ્ટપણે કહી આપે છે.



એક અન્વેષક કવિ પ્રશ્નાર્થ સાથે આપણી સામે ઊભો હોય ત્યારે આપણને પ્રશ્ન થાય કે કદાચ કવિના પ્રશ્નમાં તો ઉત્તર નથી સમાયેલો ને? અને ધારો કે આપણે કવિને એમના પ્રશ્નનો ઉત્તર આપીએ તો એ ઉત્તર કવિને માટે પ્રશ્ન નહીં બની જાય એની કોઈ ખાતરી ખરી?

# રવીન્દ્ર સંગીત અને સિનેમાના સંક્રાંતિકાળ વિશે વિશ્વકોશમાં અમૃત ગંગરનું વ્યાખ્યાન



ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની શ્રી ભદ્રંકર વિદ્યાદીપક વ્યાખ્યાન શ્રેણીમાં અર્થશાસ્ત્ર, ફિલ્મ, ચિત્ર, સંગીત, સાહિત્ય, રાજકારણ જેવા વિષયો ઉપર તજજ્ઞો દ્વારા વ્યાખ્યાનો યોજવામાં આવે છે. એના ઉપક્રમે લેખક, ફિલ્મ થિયરીસ્ટ અને ક્રિયેટર અમૃત ગંગરે ટાગોર સિનેમા અને આકાશ પર કાન માંડવાની વાત એ વિશે વક્તવ્ય આપતાં જણાવ્યું કે વિદેશિનીનાં ગીતો સાંભળવા માટે કવિવર રવીન્દ્રનાથ ટાગોર સીધેસીધા અસીમ આકાશ પર કાન માંડે છે ને આપણને કર્ણાકાશ દ્વારા સંગીતમય નભની નમણી અનુભૂતિ કરાવે છે. આકાશને આત્મસાત કરનારી વિશ્વવ્યાપી વિભૂતિ રવીન્દ્રનાથ ટાગોરના ગીતસંગીત વિવિધ કલાસ્વરૂપોમાં અત્રતત્રસર્વત્ર છવાયેલાં છે. નૃત્યમાં, નાટ્યમાં અને સિનેમા જેવા જનરંજક માધ્યમમાં પણ, અનેક રીતે. એ ગીતો કે કાવ્યો કલાના દરેક સ્વરૂપને આગવી ગરીમા પ્રદાન કરે છે.

ટાગોર સિનેમાની શક્તિથી સભાન હતા. વળી તેની અશક્તિથી પણ જીવનના સંધ્યાકાળે ચિત્રકલામાં પ્રવેશતી વખતે વિશ્વમાનવે કહ્યું, શેશ બોઈશેર પ્રિય. સંધ્યાકાળની એ પ્રણયકથા! ૧૯૨૬ના વર્ષમાં પાંસઠ વર્ષની ઉંમરે ટાગોરે ચિત્રકામ કરવાનું આરંભ્યું ત્યારે એ જ વર્ષમાં જર્મન ફ્રિત્ઝ લૅંગે મૅટ્રોપૉલિસ, ફ્રેંચ ઝાં રેન્વારે નાના અને રશિયન પુડૉવકીને મધર જેવાં મૂકપટો સર્જ્યાં હતાં. અને એ જ ગાળામાં દિગ્દર્શક નવલ ગાંધીએ ટાગોરની નાટ્યકૃતિ વિસર્જનનું રૂપાંતર કરતી મૂક ફિલ્મકૃતિ બલિદાનનું નિર્માણ કર્યું હતું. ૧૯૨૮માં બ્રિટિશ સરકારે નીમેલી ઈન્ડિયન સિનેમૅટોગ્રાફ કમિટી બલિદાન મૂકપટને બિરદાવતાં કહ્યું હતું કે તે પશ્ચિમની ઉત્તમ ફિલ્મકૃતિઓની બરોબરી કરતી ગંભીર પ્રકારની કૃતિ હતી. યોગાનુયોગ હતો. કાર્યક્રમના પ્રારંભે ડૉ. પ્રીતિબહેન શાહે વક્તાનો પરિચય આપ્યો હતો અને ડૉ. કુમારપાળ દેસાઈએ અભિવાદન કર્યું હતું. આ કાર્યક્રમ ૩ ઑક્ટોબર ૨૦૧૮, બુધવારના રોજ વિશ્વકોશભવનમાં યોજાયો હતો.



હર્ષ બ્રહ્મભટ્ટ

# ઈસ હુસ્ને-મુજસ્સિમ કી કહીં નિંદ ન તૂટે...



આ લેખમાળની શરૂઆત સાહિર લુધિયાનવીથી કરી હતી. (જિન્હેં નાઝ હૈ હિંદ પર વો કહાઁ હૈ?) આજે આ લેખમાળનો છેલ્લો લેખ લખી રહ્યો છું ત્યારે એવો વિચાર આવ્યો કે આ લેખ પણ સાહિર સાહેબ વિશે જ હોય તો એક વર્તુળ પૂરું થાય—સાહિરથી સાહિર! તો આજે આ અંતિમ લેખ દંતકથા સમાન ઉર્દૂ શાયર અને ફિલ્મી ગીતકાર સાહિર લુધિયાનવીને નામ.

અગાઉના લેખોમાં સાહિર સાહેબ વિશે ઘણી બધી જાણી-અજાણી વાતો કરી છે. એમના બાળપણથી લઈ એમની યુવાની સુધીના ઘણા કિસ્સાઓ અગાઉ વર્ણવ્યા છે. સાહિરના જીવનમાં આવનાર પ્રથમ છોકરી મહિન્દર કૌર ચૌધરી અને પછી ઈશર કૌર—આ બંને વિશે અગાઉ વિગતે લખ્યું છે. પછી સાહિરનું નામ જેની સાથે જોડાયું તે યુવતી એટલે પંજાબી કવયિત્રી—લેખિકા અમૃતા પ્રીતમ.

અમૃતા પ્રીતમ સાથેની સાહિરની પહેલી મુલાકાત ૧૯૪૪ની સાલમાં લાહોર અને અમૃતસરની વચ્ચે આવેલા એક ગામ પ્રીતનગર ખાતેના મુશાયરામાં થયેલી. ત્યારે અમૃતનાં લગ્ન પ્રીતમસિંઘ નામના એક તંત્રી સાથે થયેલાં હતાં અને અમૃતાની ઉંમર છવ્વીસેક વર્ષની હતી. પ્રીતમસિંઘ સાથેનું અમૃતાનું લગ્નજીવન હાલકડોલક સ્થિતિમાં હતું. એ મુશાયરા વખતની સાહિર સાથેની મુલાકાત અંગે અમૃતાએ કહ્યું છે કે, 'મને ખબર નથી કે એ સાહિરના શબ્દોનો જાદુ હતો કે એની મારા તરફ મંડાયેલી ખામોશ નજર હતી, પણ હું સાહિરથી ખૂબ અભિભૂત થઈ ગયેલી.'

એ દિવસોમાં અમૃતા દિલ્હીમાં રહેતાં હતાં અને સાહિર લાહોરમાં. બંને વચ્ચે પ્રેમસભર પત્રોની આપ-લે થઈ રહી

હતી. અમૃતા સાહિરના પ્રેમમાં પાગલ હતાં. તે સાહિરને 'મેરા શાયર', 'મેરા મહેબૂબ', 'મેરા ખુદા' કહીને બોલાવતાં. પણ સાહિર અને અમૃતા વચ્ચેનો પ્રેમસંબંધ એક વિશિષ્ટ પ્રકારનો પ્રેમસંબંધ રહ્યો. અમૃતા કહે છે કે, બંને મળતાં ત્યારે કલાકો સુધી એકબીજા સામે જોઈને બેસી રહેતાં અને પછી છૂટા પડતાં. માત્ર એક વાર સાહિરે પ્રેમની અભિવ્યક્તિ કંઈક વિચિત્ર રીતે કરી હતી. સાહિરે અમૃતાને કહ્યું: 'આપણે બંને ચીન જતા રહીએ અને ત્યાં જ રહીએ તો કેવું?' અમૃતાએ પૂછ્યું: 'ચીન જઈને શું કરીશું?' સાહિરે કંઈક અંશે ઉડાઉ જવાબ આપતાં કહ્યું: 'આપણે ત્યાં કવિતાઓ લખીશું.' તો અમૃતાએ કહ્યું: 'કવિતાઓ તો આપણે ચીન ગયા વગર અહીં પણ લખી શકીએ છીએ.' સાહિરે જવાબ આપ્યો: 'હા, લખી શકીએ છીએ, પણ આપણે ચીન જઈએ તો ત્યાંથી કદી પાછા નહીં આવીએ.' આમ, આ વિચિત્ર પદ્ધતિથી માત્ર એક વાર સાહિરે અમૃતાને જીવનભર સાથે રહેવા માટે ઈજન આપ્યું હતું. પણ અમૃતાએ એ વાતને ગંભીરતાથી ન લીધી!




વાસ્તવમાં અમૃતા પ્રીતમ એક માત્ર મહિલા હતાં જે સાહિરને લગ્ન માટે મનાવી શક્યાં હોત. પણ એમ બન્યું નહીં. એક વાર સાહિરે પોતાની અમ્મી સરદાર બેગમને કહ્યું હતું કે, 'એ અમૃતા જ હતી કે જે તારી વહુ બની શકી હોત.'

અમૃતા પ્રીતમ સાથેના પોતાના સંબંધમાં સાહીરે ખુદને હારી ગયેલા પ્રેમી તરીકે પ્રસ્થાપિત કર્યા પણ તેમની વચ્ચેના પ્રેમનો સંબંધ એ સમયે તૂટી ગયો હતો જ્યારે સાહિર ૧૯૬૦માં ગાયિકા સુધા મલ્હોત્રા પર વારી ગયા હતા. સાહિર અને સુધા મલ્હોત્રા વચ્ચેના અફેરની વાતો ૧૯૫૦ના દાયકાના છેલ્લાં વર્ષોમાં ચાલી હતી, જ્યારે સુધાની ઉંમર ૨૨-૨૩ વર્ષની હતી અને પાર્શ્વગાયનના ક્ષેત્રમાં હજી તેમનો પ્રવેશ જ થયો હતો. પરંતુ ટૂંકા સમયમાં સુધાજીએ પાર્શ્વગાયિકા તરીકે પોતાના નામનો સિક્કો જમાવી દીધો હતો. જોકે એ પણ હકીકત છે કે તેમણે ગાયેલાં બેહદ લોકપ્રિય ગીતો પૈકી મોટા ભાગનાં ગીતો સાહિરે લખેલાં હતાં.



૨૦૧૦માં અક્ષય મનવાનીને આપેલા એક ઈન્ટરવ્યુમાં સુધાજીએ જણાવ્યું હતું કે સાહિરને કદાચ એમનો અવાજ પસંદ આવ્યો હતો, પણ એ દેખાતું હતું કે સાહિર મારા પર કંઈક વિશેષ મહેરબાન હતા; તેઓ મારા માટે એક પછી એક અદ્‌ભુત ગીતો લખતા હતા. દરરોજ સવારે તેઓ મને

ફોન કરતા, પણ તે કામને લગતા ફોન રહેતા. મારા કાકા તો મને ખીજવતા અને કહેતા: 'તારા મૉર્નિંગ એલાર્મનો ફોન આવી ગયો છે.' હું માત્ર એટલું જાણતી હતી કે મારા ઉપર સાહિરનું ધ્યાન કેન્દ્રિત હતું. એક યુવાન ગાયિકાને સાહિર જેવા દિગ્ગજ શાયર તરફથી આટલું મહત્ત્વ મળતું હોય તો સ્વાભાવિક રીતે જ તેને તે વાતનો આનંદ પણ હોય અને અભિમાન પણ હોય. જો કે સુધાજીએ સાથોસાથ એ પણ જણાવ્યું કે આ એક વિશિષ્ટ પ્રકારનો સંબંધ હતો, પણ એ રોમાન્સ તો નહોતો જ.




સુધાજીની આ સ્પષ્ટતા છતાં જે તે વખતે તો હકીકત અને અફવા વચ્ચેની ભેદરેખા ભુંસાઈ જાય એ હદે લોકો માનતા હતા કે બંને વચ્ચે પ્રેમસંબંધ જ હતો. વળી એ સમયમાં સાહિરે સુધાજીએ ગાવાનાં હોય તેવાં ગીતોમાં પોતે જે વાતો કહેવા માગતા હતા એ વાતો બખૂબી રજૂ કરી દીધી હોય એવું પણ સ્પષ્ટ દેખાતું હતું. ખાસ કરીને 'કશ્તીકા ખામોશ સફર હૈ, શામ ભી હૈ તનહાઈ ભી...' અને 'સલામે-હસરત કુબૂલ કર લો...' જેવા ગીતો.

સુધા મલ્હોત્રાની પાર્શ્વગાયિકા તરીકેની કારકિર્દી ૧૪ વર્ષની ઉંમરે શરૂ થઈ અને ૨૩ વર્ષની ઉંમરે પૂરી થઈ ગઈ! સુધાજી પોતે કહે છે તેમ તે સમયે ફિલ્મો માટે કામ કરવાની બાબત માનપૂર્વક જોવાતી ન હતી. તેમનાં લગ્ન ગિરિધર મોટવાણી સાથે થયાં જે એક બિઝનેસમેન હતા (શિકાગો રેડિયોના માલિક). ગિરિધર મોટવાણીના કુટુંબીજનોને પસંદ નહોતું કે તેમની પુત્રવધૂ ફિલ્મો માટે ગીતો ગાય. વળી, એવી પણ ઘટના બની કે સુધા મલ્હોત્રાની ગિરિધર મોટવાણી સાથેની સગાઇ પછી તુર્ત જ 'બ્લિટ્ઝ' મેગેઝીનમાં સાહિર લુધિયાનવી અને સુધા મલ્હોત્રાના કેટલાક ફોટોગ્રાફ્સ પ્રકાશિત થયા. જેને કારણે સુધાજીના શ્વસુરપક્ષના લોકોએ લગ્ન પછી તેમના ફિલ્મો માટે ગાવા પર પ્રતિબંધ મૂકી દીધો.

એક વાત એ પણ છે કે સુધા મલ્હોત્રા અને સાહિરનો સંબંધ કદાચિત લગ્નસંબંધમાં પરિણમી શક્યો હોત, પણ સુધાના પિતાને (કે જેઓ એક કૉલેજમાં પ્રૉફેસર હતા) અને ભાઈઓ વગેરેને સાહિરના મુસ્લિમ હોવાને કારણે લગ્ન સામે સખત વાંધો અને વિરોધ હતો. સુધાજી કુટુંબની લાગણી અને વિરોધને અવગણી ન શક્યાં અને તેમણે સાહિર સાથેના સંબંધનો અંત આણી ગિરિધર મોટવાણી સાથે લગ્ન કરી લીધાં.



ટૂંકમાં, અગાઉના કિસ્સાઓની જેમ સાહિરનો સુધા મલ્હોત્રા સાથેનો સંબંધ પણ અધૂરો જ રહ્યો અને સાહિર આજીવન અવિવાહિત જ રહ્યા.



સાહિર લુધિયાનવીનું ઉર્દૂ અદબમાં અને ગીતકાર તરીકેનું પ્રદાન એટલું વિશાળ છે કે તેમનાં ગીતો અને રચનાઓની યાદી બનાવવા માટે એક આખો અંક જોઈએ. જો કે અગાઉના લેખોમાં સાહિરનાં મને ગમતાં ફિલ્મી ગીતોની એક યાદી આપી જ છે.

નિર્માતા પન્નાલાલ મહેશ્વરી દ્વારા નિર્મિત અને રામ મહેશ્વરી દ્વારા દિગ્દર્શિત ૧૯૬૫ની હીટ ફિલ્મ ‘કાજલ’માં સાહિર લુધિયાનવી ગીતકાર હતા અને રવિનું સંગીત હતું. (ફિલ્મ જાણીતા ઉપન્યાસકાર ગુલશન નંદાની નવલકથા ‘માધવી’ પર આધારિત હતી). આ ફિલ્મમાં સાહિરે લખેલી અને રફીસાહેબે ગાયેલી એક અદભુત ગઝલ છે. ચુસ્ત રીતે છંદમાં લખાયેલી, રદીફ-કાફિયાની સંપૂર્ણ જાળવણીવાળી અને શેરિયતથી ભરપુર એવી આ એક નખશિખ સુંદર ગઝલ છે. આ ગઝલમાં કુલ નવ શે’ર છે, પણ ફિલ્મમાં તે પૈકી ચાર શે’ર (મત્લા અને બીજા ત્રણ શે’ર) ગવાયા છે જ્યારે બાકીના પાંચ શે’ર અભિનેતા રાજકુમાર દ્વારા બોલાતા હોય એ રીતે અમુક અમુક અંતરાલ બાદ રજૂ થતા રહે છે. આ સુંદર ગઝલ જોઈએ:

**યહ જુલ્ફ અગર ખુલકે બિખર જાયે તો અચ્છા,**
**ઈસ રાતકી તકદીર સંવર જાયે તો અચ્છા.**

નાયક એક ગણિકાને ત્યાં શરાબની મહેફિલ જમાવીને બેઠો છે; ગણિકા નૃત્ય કરીને તેનું દિલ બહેલાવી રહી છે. નાયક કહે છે કે આ રાત્રિની કાલિમા સર્વત્ર વ્યાપ્ત છે. આવામાં જો તું તારો બાંધી રાખેલો કેશકલાપ ખોલી નાંખે અને તારી જુલ્ફોને વિખેરી દે તો કેવું સારું! તારી કાળી ઘટાદાર જુલ્ફોના વિખેરાવાથી આ રાત્રિના શબાબમાં ઓર નિખાર આવી જશે; તારો ખુલ્લો કેશકલાપ રાત્રિના અંધારને એવો ઘેરો કરી દેશે કે રાત્રિ પણ પોતાને ખુશનસીબ સમજશે.

کون کہتا ہے محبت کی زباں ہوتی ہے
یہ حقیقت تو نگاہوں سے بیاں ہوتی ہے

कौन कहता है मोहब्बत की ज़बाँ होती है
ये हक़ीक़त तो निगाहों से बयाँ होती है

**જિસ તરહસે થોડીસી તેરે સાથ કટી હૈ,**
**બાકી ભી ઉસી તરહ ગુજર જાયે તો અચ્છા.**

નૃત્યનો અને શરાબનો આનંદ લઈ રહેલો નાયક ગણિકાને કહે છે કે તારી સાથે રહેવાનો સમય બહુ થોડો હોય છે. હું ચાહું છું કે આ સમય લંબાઈ જાય, પૂરો જ ન થાય અને મારી બાકીની જિંદગી પણ આ રીતે જ તારા રૂપના નશામાં ડૂબેલા રહીને જ વીતી જાય.

**દુનિયાકી નિગાહોંમેં ભલા ક્યા હૈ, બુરા ક્યા,**
**યહ બોઝ અગર દિલસે ઉતર જાયે તો અચ્છા.**



નાયક કહે છે કે સારું-ખરાબ, પુણ્ય-પાપ, નીતિ-અનીતિ એ બધાની વ્યાખ્યાઓ સમાજ કરે છે. મને ખબર છે કે હું જે કંઈ કરી રહ્યો છું તે સમાજને અસ્વીકાર્ય છે, પણ હું એવી સ્થિતિ ઈચ્છું છું કે દુનિયા મારા માટે શું વિચારે છે; દુનિયાની દૃષ્ટિએ શું ખોટું, પાપ, અનૈતિક છે—એ સઘળા વિચારોનો બોજ મારા હૃદય પરથી ઉતરી જાય; હું દુનિયા વિશે વિચારું જ નહીં અને મારી મસ્તીમાં રહી શકું.

**વૈસે તો તુમ્હીંને મુઝે બરબાદ કિયા હૈ,**
**ઇલઝામ[1] કિસી ઔરકે સર જાયે તો અચ્છા.**

મને ખબર છે કે હું તારા પ્રેમમાં ગળાડૂબ છું અને એ કારણે જ મારી બદનામી થઈ રહી છે; બધા મારી તરફ ધિક્કાર અને તિરસ્કારથી જોઈ રહયા છે; બધા માને છે કે મારી બરબાદી (આર્થિક, સામાજિક, કૌટુંબિક)નું કારણ તું જ છે. પણ તે છતાં હું ઈચ્છું છું કે મારી બદનામી કે બરબાદીનો આરોપ તારા પર ન લાગે; એ આળ બીજા કોઈ પર જાય તો સારું.

**ઇસ હુસ્ને-મુજસ્સિમ[2]કી કહીં નિંદ ન તૂટે,**
**કુછ દેર અભી રાત ઠહર જાયે તો અચ્છા.**



સાહિર લુધિયાનવી, જાં નિસાર અખ્તર, બી. આર. રાંધવા

નાયક કહે છે કે રાત બહુ વીતી ચૂકી છે અને આ સૌંદર્યની સાક્ષાત્ મૂર્તિ સમી મારી માશુકા ધીરે ધીરે ગુલાબી નિદ્રામાં સરી પડી છે. હવે એવું થવું જોઈએ કે આ રાત બસ અહીં જ રોકાઈ જાય; મારી માશુકાની નિદ્રા તૂટે નહીં અને હું આમ જ એના અનુપમ રૂપને નજરોથી પીતો રહું.

**વૈસે ભી કયામત હૈ તેરે હુસ્નકા જલવા,**
**તપ તપકે અગર ઔર નિખર જાયે તો અચ્છા.**

તારા રૂપનો તાપ આમ પણ કયામત લાવી દે તેવો છે. એમાંય જો આપણા પ્રેમની તડપની આગમાં તપી તપીને આ રૂપ હજુ ઓર નિખરશે તો શું થશે?

**મહેફિલમેં તેરી યૂં હી રહેં જશ્ને-ચરાગાઁ**
**આંખોંમેં હી યે રાત ગુજર જાયે તો અચ્છા.**

1 આરોપ

2 સૌંદર્યની સાક્ષાતમૂર્તિ

તારી આ મહેફિલ આમ જ જશ્નના ચિરાગોથી રોશન રહે, ઝળાંહળાં રહે; આ મસ્તીનો આલમ આમ જ બનેલો રહે અને આપણે સાથે રહીને આ રાતને, આ સમયને એકબીજાની આંખોમાં આંખો પરોવીની વિતાવતા રહીએ.

**જાકર તેરી મહેફિલસે કહાઁ ચૈન મિલેગા,**
**અબ અપની જગહ અપની ખબર જાયે તો અચ્છા.**


તારી મસ્ત-મદહોશ મહેફિલથી ઊઠીને બીજે ક્યાંય કઈ રીતે જઈ શકાય? બીજે આવું સુખ-ચેન કયાં મળી શકે?

હું તો ચાહું કે અહીંથી ઊઠીને ક્યાંય ન જાઉં. રાત વીતી જાય, સવાર પડી જાય એવા સમયે પણ મારા બદલે મારી ખબર મારા ઘેર પહોંચી જાય તો કેવું સારું!

**જીસ સુબહકી તકદીરમેં લિખી હો જુદાઈ,**
**ઉસ સુબહસે પહેલે કોઈ મર જાયે તો અચ્છા.**




એ સવાર કે જેના આગમન સાથે જ આપણા વિખૂટા પડવાનું નિશ્ચિત હોય, એવી સવાર શું કામની? એવી સવાર આવી પહોંચે તે પહેલાં જ મારા જીવનનો અંત આવી જાય વધારે સારું થાય.




સાહિરની ૯ શે'રની આ રચના ગઝલનાં બધાં પાસાંઓની કસોટી પર ખરી ઉતરે એવી ઉત્તમ રચના છે. સાહિર જેવા દિગ્ગજ શાયરને જેટલી સલામ કરીએ એ ઓછી છે.

આપણે જૂન, ૨૦૧૪થી આ કોલમના માધ્યમથી સાથે છીએ. લગભગ સાડા ચાર વર્ષની આ સફરને હવે વિરામ આપવો છે. આશા છે કે આ શ્રેણીના લેખો વાંચવામાં આપ સૌને મઝા પડી હશે. હવે ફરી ક્યારેક કોઈ નવા વિષય સાથે ફરી મળીશું. ત્યાં સુધી અલવિદા.

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી આ વર્ષે ૭મા 'અમદાવાદ નેશનલ બુક ફેર'નું આયોજન





અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી આ વર્ષે ૭મા 'અમદાવાદ નેશનલ બુક ફેર'નું આયોજન જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડમાં કરવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે 'વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત રિવરફ્રન્ટ ખાતે પહેલાં અમદાવાદ નેશનલ બુકફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રતિવર્ષ પહેલી મે થી ૭મી મે દરમ્યાન યોજવામાં આવતો બુકફેર આ વર્ષે તારીખ ૨૪ નવેમ્બરથી ૩૦ નવેમ્બર દરમ્યાન યોજવામાં આવ્યો. આ સાતત્યસભર આયોજનમાં નગરવાસીઓ તેમજ બહારગામના સાહિત્યરસિક વાચકો જોડાયા હતા.

તારીખ ૨૪મીના રોજ માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે પુસ્તકમેળાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ જલસો એપ ટીમ દ્વારા 'વાચિકમ' અંતર્ગત વિવિધ સાહિત્યકૃતિઓનું પઠન કરવામાં આવ્યું હતું. આ સાહિત્ય સપ્તાહ દરમ્યાન 'ત્રિવેણી' શીર્ષક અંતર્ગત

સૂર, શબ્દ અને તાલનો મહિમા કરતાં વિવિધ મનોરંજક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જાણીતા કવિ અને સદાબહાર સ્વરકારોને 'સૂર ગુલાબી મોસમ' કાર્યક્રમ થકી યાદ કરવામાં આવ્યા હતા. અંકિત ત્રિવેદીના શબ્દાભિષેક દ્વારા દિવ્યાંગ અંજારિયા, કોશા પંડ્યા, આનલ વસાવડા, રાગ મહેતા દ્વારા વિવિધ ગીતોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. સંગીત સંચાલન મયુર દવેએ સંભાળ્યું હતું.




૨૬મીના રોજ લોકસાહિત્ય અને લોકસંગીતની પ્રસ્તુતિ પદ્મશ્રી ભીખુદાન ગઢવી અને સાથી કલાકારો દ્વારા કરવામાં આવી હતી. અસંખ્ય ભાવકોથી ખીચોખીચ ભરાઈ ગયેલું મુખ્ય ઓડીટોરીયમ તારીખ ૨૭મીના રોજ 'હાસ્ય દરબાર'માં ફેરવાઈ ગયું હતું. જગદીશ ત્રિવેદી અને જીતુભાઈ દ્વારકાવાળાએ પોતાની હળવી શૈલીથી હાસ્યની છોળો ઉડાડી હતી. 'ગીત ગાતા ચલ' શીર્ષક હેઠળ 'હિન્દી ફિલ્મગીતોમાં કાવ્યતત્વ'ની વાત તુષાર જોશી દ્વારા વહેતી મૂકવામાં આવી હતી. પંકજ પાઠક અને શૈલેશ ઠાકરના સંગીત નિયોજનમાં નીરજ પાઠક, વિશ્વનાથ બાટુંગે, દર્શના ગાંધી ઠક્કર, સલીમ મલિક અને જ્યોતિ ક્રિશ્ચયન દ્વારા રજૂ થયેલાં ગીતોમાંથી ઘણાં બધાં ગીતોને ઓડીયન્સે વન્સમોરથી વધાવી લીધા હતા. તારીખ ૨૯મીના રોજ 'મનની મહેફિલ' જામી હતી.

આ કવિ સંમેલન અંતર્ગત રાજેશ વ્યાસ 'મિસ્કીન', રાજેન્દ્ર શુક્લ, હર્ષ બ્રહ્મભટ્ટ, તુષાર શુક્લ, કૃષ્ણ દવે, અનિલ ચાવડા, ભાવેશ ભટ્ટ અને મિલિન્દ ગઢવીએ પોતાની કવિતાઓ રજૂ કરી હતી. સાહિત્ય સપ્તાહના અંતિમ દિવસે 'સાહિત્ય અને હું' વિષય હેઠળ વસંત ગઢવી, ભાગ્યેશ જહા અને જય વસાવડાએ વક્તવ્ય આપ્યાં હતાં.



બુકફેરના આ આયોજનમાં સેમીનાર હોલમાં 'જ્ઞાનગંગા' અને 'રંગરંગ વાદળિયા' અંતર્ગત રાઈટીંગ વર્કશોપ અને વિવિધ બાળપ્રવૃત્તિઓનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. શાળાના બાળકો અને યુવાનોએ તેમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

બુકફેરના એક્ઝીબીશન હોલમાં વિવિધ ભાષાના અલગ-અલગ પુસ્તકો આશરે ૨૦૦ જેટલાં સ્ટોલ્સ દ્વારા વાચકો માટે ઉપલબ્ધ કરવામાં આવ્યા હતા. બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી વાચકોએ જેનો લાભ લીધો હતો. સમગ્ર આયોજન માટે મેયર શ્રીમતી બીજલબેન પટેલ, કમિશનર શ્રી વિજય નહેરા, આઈ.એ.એસ. તથા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અન્ય તમામ અધિકારીઓને અમદાવાદ નેશનલ બુકફેરનાં આયોજન બદલ ખૂબ ખૂબ અભિનંદન.

**(તસવીર સૌજન્ય : અમદાવાદ મ્યુ. કોર્પોરેશન)**


૧



૨


૩


૪


૫


૬


૭


૮


૯


૧૦


૧૧

૧. મનની મહેફિલ – કવિ સંમેલન, ૨. ભિખુદાન ગઢવી, ૩. અનિલ ચાવડા, ૪. અંકિત ત્રિવેદી, ૫. બાળપ્રવૃત્તિઓ, ૬. કાફેટેરિયા, ૭. તુષાર શુક્લ, ૮. ગીત ગાતા ચલ, ૯. જીતુભાઈ દ્વારકાવાળા ૧૦. જગદીશ ત્રિવેદી ૧૧. હર્ષ બ્રહ્મભટ્ટ

# શર્વિલકનો રાજ્યવિપ્લવ – આજના સંદર્ભમાં વિશે વિશ્વકોશમાં મહેશ ચંપકલાલે આપેલું વ્યાખ્યાન



ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની શ્રી ભદ્રંકર વિદ્યાદીપક વ્યાખ્યાનશ્રેણીમાં અર્થશાસ્ત્ર, ફિલ્મ, ચિત્ર, સંગીત, સાહિત્ય, રાજકારણ જેવા વિષયો ઉપર તજજ્ઞો દ્વારા વ્યાખ્યાનો યોજવામાં આવે છે. એના ઉપક્રમે જાણીતા નાટ્યવિદ્ અને નાટ્યઅભિનેતા મહેશ ચંપકલાલે રસિકલાલ પરીખની વિખ્યાત નાટ્યકૃતિ 'શર્વિલક' વિશે વક્તવ્ય આપતાં કહ્યું કે સંસ્કૃત નાટ્યસાહિત્યમાં જેને પ્રકરણ પ્રકારના 'રૂપક' કહેવામાં આવે છે, તે ભાસ કૃત દરિદ્રચારુદત્તમ્ અને શૂદ્રકકૃત મૃચ્છકટિકના આધારે રસિકલાલ છો. પરીખે શર્વિલક નાટકની રચના કરી છે. દિલ્હીની સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત આ એકમાત્ર ગુજરાતી નાટક છે. શર્વિલક નાટકનો અંત પશ્ચિમના કરુણ નાટકોની જેમ ટ્રેજિક છે. આમ સંસ્કૃત તેમજ પશ્ચિમના નાટ્ય પરંપરાનો સુભગ સમન્વય 'શર્વિલક' નાટકના ગુજરાતી શિષ્ટ નાટકોમાં વિશિષ્ટ સ્થાન અપાવે છે. આ કાર્યક્રમમાં નાટ્યરસિકો અને વિદ્વાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમ ૧૦ ઑક્ટોબર ૨૦૧૮, બુધવારના રોજ વિશ્વકોશભવનમાં યોજાયો હતો.

# જયંતિ દલાલના જન્મદિન પ્રસંગે સાહિત્યિક વ્યાખ્યાન 'પાદરના તીરથ'નું આયોજન કરાયું




ઓમ કૉમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે, તારીખ ૧૮ નવેમ્બર, રવિવારના રોજ, અમદાવાદના આત્મા હોલ ખાતે, નાટ્યકાર, વાર્તાકાર, નવલકથાકાર, અનુવાદક જયંતિ ઘેલાભાઈ દલાલના ૧૧૦મા જન્મદિનપ્રસંગે સાહિત્યિક વ્યાખ્યાન 'પાદરનાં તીરથ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુ પંડ્યાએ ભૂમિકા રજૂ કરતા કહ્યું હતું કે, 'જયંતિ દલાલ ગુજરાત સમાચારમાં "આજનું ચોકઠું" નામે કોલમ લખતા હતા. તે વાર્તાકાર, નવલકથાકાર, અનુવાદક અને રાજકીય વિચારક બધું જ હતા. તેઓ ખરા અર્થમાં બૌદ્ધિક હતા.' જયંતિ દલાલના જીવન વિશે દૃષ્ટિ પટેલે જણાવ્યું કે, 'તેમને રંગભૂમિના સંસ્કારો બાળપણથી મળેલા. તેઓ હૃદયની ઉષ્માવાળા હતા', જ્યારે તેમના નાટકો વિશે જાણીતા નાટ્યકાર કપિલદેવ શુક્લએ વાત કરતા જયંતિ દલાલના 'અંધારપટ', 'સોયનું નાકું' અને 'અવતરણ' જેવા ઉત્તમ નાટકોનો ઉલ્લેખ કર્યો હતો. તેઓ તેમની સ્પષ્ટ નાટ્યવિભાવનાને કારણે એક સજાગ સર્જક અને મેધાવી વિવેચક હતા એમ પણ જણાવ્યું. સાહિત્યકાર મણિલાલ હ. પટેલે જયંતિ દલાલની વાર્તાઓ તેમજ નવલકથાઓ વિશે જણાવતા કહ્યું કે, 'તેઓ એક મજબૂત લેખક હતા તેમની વાર્તાઓ અન્ય લેખકોની પ્રસંશા અને ટીકા બંને ખમી શકે છે. તેમની કૃતિઓમાં માણસ ખોવાયેલો છે અને માણસની શોધ ચાલે છે. તેમની વાર્તાઓમાં ઘટનાના ભારને બદલે મનોઘટનાનું આલેખન અદકેરું હોય છે. તેમની વાર્તાઓ આજે પણ પ્રસ્તુત છે.' સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત' દ્વારા કરવામાં આવ્યું હતું.

# સપ્તક સ્કૂલ ઑફ મ્યુઝીક દ્વારા ૨૩મા સંગીત સંકલ્પ સપ્તાહ-૨૦૧૮નું આયોજન કરાયું




હર્ષિત મહેતા

સપ્તક સ્કૂલ ઑફ મ્યુઝીક દ્વારા તારીખ ૧૯થી ૨૮ ઑક્ટોબર દરમ્યાન ૨૩મા સંગીત સંકલ્પ સપ્તાહ-૨૦૧૮નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.



આદ્યા મુખર્જી

'સંગીત સંકલ્પ'ની શરૂઆત ૧૯૮૯માં દિલ્હીથી કરવામાં આવી હતી. તેનો મુખ્ય ઉદ્દેશ્ય કલાકારોને યોગ્ય માધ્યમ અને મંચ પૂરો પાડવાનો હતો. જેમાં સંગીતકારો, સંગીત રસિકો અને કલાકારો ભેગા મળી પોતાનાં વિચારોનું આદાનપ્રદાન કરે અને સીધા જ શ્રોતાઓ સાથે કનેક્ટ થાય. કાર્યક્રમમાં ૩૧ પ્રસ્તુતિઓમાં ૧૪ ગાયનપ્રસ્તુતિ અને ૧૭ વાદ્ય પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ૧૪ ગાયન પ્રસ્તુતિમાં ૧૧ જેટલી રજૂઆતો ઉત્તર ભારતીય શાસ્ત્રીય રાગો પર આધારિત હતી અને ૧ સેમી-ક્લાસિકલ અને ૨ રજૂઆત ધ્રુપદ ગાયિકીમાં કરવામાં આવી હતી. જેમાં વિવિધ ભારતીય વાદ્યો જેવા કે, સિતાર, સારંગી, ફ્લ્યુટ, સંતૂર, હાર્મોનિયમ, સિદ્ધવીણા, તબલાં, સરોદ અને પખાવજની બખૂબી રજૂઆત થઈ હતી.



મનાલી ઘોષ

કાર્યક્રમમાં રાગ ઝીંઝોટી, માલકૌંસ, ખમાજ, પીલૂ અને કીરવાણી ઉપરાંત ખૂબ જ ઓછા સાંભળવા મળતા રાગ કાફી, ચંદ્રનંદન, દરબારી કાનડા અને વાચસ્પતિ જેવા ૨૪ રાગોની કર્ણપ્રિય રજૂઆત કરવામાં આવી હતી. જુદા જુદા ૧૦ શાસ્ત્રીય ગાયનના પ્રકારો જેવા કે ભજન, ચૈતી, દાદરા, ધ્રુપદ ધમાર, હવેલી પદ, કબીર પદ, ખયાલ, ગીત ગોવિંદ પદ, રાગમાલા અને ઠુમરીની પ્રસ્તુતિ થઈ હતી.



જહાનવી ફાનસલકર

ભારતભરમાંથી અમદાવાદ, અલ્હાબાદ, ભોપાલ, વડોદરા, બનેર, દિલ્હી, ગુવાહાટી, હિસાર, જબલપુર, જયપુર, કોલકોત્તા, મુંબઈ, પટિયાલા, પુના, સુરત, સાહીબાબાદ, થાણે, વલસાડ, વારાણસીના ઉપરાંત ઢાકાના વિવિધ ઘરાના જેવા કે આગ્રા, બનારસ, ડાગર, ઇટાવાહ, ગ્વાલિયર, ઇન્દોર, ઇમદાદખાની, કિરાણા, કુદૌસિંઘ, મહિયર, સેનિયા, મેવાતી, નાના પાનસે, નારદીય શૈલી, પંજાબ ઘરાના, પટિયાલા, રામપુર અને શાહજહાનપુરના કલાકારો દ્વારા રાગોની અને વાદ્યોની સુંદર રજૂઆત કરવામાં આવી હતી.




રાજરૂપા ચૌધરી

કાર્યક્રમને અમદાવાદના રસિક શ્રોતાઓએ કાર્યક્રમની વિવિધતાને મનભરીને માણી હતી અને વખાણી હતી.



અમરેન્દ્ર મિશ્રા



# જન્મદિવસ શુભ હો... શુભદાયી... સુખદાયી... ચિર આયુ પામો

૧ જાન્યુઆરી: **કેતા ઠક્કર** (શાસ્ત્રીય નૃત્ય કલાકાર, અમદાવાદ)
૧ જાન્યુઆરી: **કિરીટ દૂધાત** (સાહિત્યકાર, ગાંધીનગર)
૧ જાન્યુઆરી: **દલપત પઢિયાર** (કવિ, સાહિત્યકાર ગાંધીનગર)
૨ જાન્યુઆરી: **સમીર રાવલ** (વાદક કલાકાર, કી-બોર્ડ)
૩ જાન્યુઆરી: **શેતલ રાજડા** (સ્ટેજ-ટીવી કલાકાર, મુંબઈ)
૪ જાન્યુઆરી: **રાજેશ દવે** (ગાયક, ભાવનગર)
૫ જાન્યુઆરી: **મનોજ શુક્લ** (નાટ્યકાર, ભાવનગર)
૫ જાન્યુઆરી: **મેહબુબ દેસાઈ** (લેખક, ભાવનગર)
૫ જાન્યુઆરી: **પલ્લવી વ્યાસ** (ગાયિકા, સુરત)
૫ જાન્યુઆરી: **અશ્વિન ચાવડા** (ગાયક, અમદાવાદ)
૬ જાન્યુઆરી: **એ. આર રહેમાન** (વિખ્યાત સંગીતકાર, ચેન્નાઈ)
૬ જાન્યુઆરી: **પ્રફુલ્લા વોરા** (કવયિત્રી, લેખિકા, ભાવનગર)
૬ જાન્યુઆરી: **નિરેન ભટ્ટ** (કવિ, અભિનેતા, કટાર લેખક, મુંબઈ)
૧૦ જાન્યુઆરી: **જોરાવરસિંહ જાદવ** (લોકસાહિત્યકાર, અમદાવાદ)
૧૦ જાન્યુઆરી: **યેસુદાસ** (ગાયક, મુંબઈ)
૧૧ જાન્યુઆરી: **ભાવના વકીલ** (લેખિકા, સુરત)
૧૧ જાન્યુઆરી: **દર્શના ધોળકિયા** (લેખિકા, ભૂજ)
૧૧ જાન્યુઆરી: **કુન્દનિકા કાપડિયા** (લેખિકા, નંદિગ્રામ)
૧૧ જાન્યુઆરી: **સંજય ઓઝા** (ગાયક, અમદાવાદ)
૧૨ જાન્યુઆરી: **વિશ્રુતી વ્યાસ** (ગાયિકા, અમદાવાદ)
૧૨ જાન્યુઆરી: **ભાવેશ ભટ્ટ** (કવિ, અમદાવાદ)
૧૪ જાન્યુઆરી: **રૂપલ ઓઝા** (ગાયિકા, અમદાવાદ)
૧૪ જાન્યુઆરી: **તેજલ પાઠક** (ગાયિકા, અમદાવાદ)
૧૫ જાન્યુઆરી: **બાબલા મહેતા** (સંગીતકાર, મુંબઈ)
૧૫ જાન્યુઆરી: **જીતેન્દ્ર વ્યાસ** (ગાયક, સંગીતકાર, ગાંધીનગર)
૧૬ જાન્યુઆરી: **હર્ષ શાહ** (ગાયક, અમદાવાદ)
૧૭ જાન્યુઆરી: **કર્મવીર મહેતા** (વાદક કલાકાર તબલા, ભાવનગર)
૧૭ જાન્યુઆરી: **જાવેદ અખ્તર** (ગીતકાર, અમદાવાદ)
૧૭ જાન્યુઆરી: **બીજલ ઉપાધ્યાય દેસાઈ** (ગાયિકા, મુંબઈ)
૧૮ જાન્યુઆરી: **હંસા દવે** (ગાયિકા, મુંબઈ)
૧૯ જાન્યુઆરી: **ભવદીપ જયપુરવાલે** (સંગીતકાર, અમદાવાદ)
૧૯ જાન્યુઆરી: **જાનકી રોમેશ મિસ્ત્રી** (ગાયિકા, અમદાવાદ)
૧૯ જાન્યુઆરી: **આશિની શાહ** (નૃત્ય દિગ્દર્શક, અમદાવાદ)
૨૦ જાન્યુઆરી: **રાજૂ બારોટ** (નાટ્યકાર, ગાયક, અમદાવાદ)
૨૦ જાન્યુઆરી: **અસીમ મહેતા** (ગાયક, અમદાવાદ)
૨૧ જાન્યુઆરી: **કલ્યાણી મહેતા** (કવયિત્રી, ભાવનગર)




૨૧ જાન્યુઆરી: **અરવિંદ વેગડ** (કવિ, ગાંધીનગર)
૨૨ જાન્યુઆરી: **ભારતી કુંચાલા** (ગાયિકા, ભાવનગર)
૨૨ જાન્યુઆરી: **સોનલ વૈદ્ય** (નાટ્યકાર, સુરત)
૨૩ જાન્યુઆરી: **રઘુવીર કુંચાલા** (ગાયક, ભાવનગર)
૨૩ જાન્યુઆરી: **કિરણ શુક્લ** (કથ્થક નૃત્યકાર, ભાવનગર)
૨૩ જાન્યુઆરી: **પ્રભાતદેવ ભોજક** (ગાયક, સ્વરકાર, ભાવનગર)
૨૩ જાન્યુઆરી: **સમીપ સ્વાદિયા** (વાદક કલાકાર ગિટાર, અમદાવાદ)
૨૫ જાન્યુઆરી: **સંગીતા બલસારા** (રેડિયો ઉદ્દઘોષક, સુરત)
૨૫ જાન્યુઆરી: **શ્યામસુંદર બ્રહ્મભટ્ટ** (વાદક કલાકાર તબલા, અમદાવાદ)
૨૫ જાન્યુઆરી: **ફિરોઝ ઈરાની** (અભિનેતા, મુંબઈ)
૨૫ જાન્યુઆરી: **મોહમ્મદ વકીલ** (ગાયક, મુંબઈ)
૨૫ જાન્યુઆરી: **વિભા દેસાઈ** (ગાયિકા, અમદાવાદ)
૨૫ જાન્યુઆરી: **કવિતા કૃષ્ણમૂર્તિ** (ગાયિકા, મુંબઈ)
૨૬ જાન્યુઆરી: **ફાલ્ગુની શેઠ** (ગાયિકા, મુંબઈ)
૨૬ જાન્યુઆરી: **વંદના પાઠક** (ટીવી-ફિલ્મ કલાકાર, મુંબઈ)
૨૬ જાન્યુઆરી: **હસમુખ ચાવડા** (વાદક કલાકાર તાર શહેનાઈ, અમદાવાદ)
૨૬ જાન્યુઆરી: **સંજીવની ભિલાંડે** (ગાયિકા, મુંબઈ)
૨૬ જાન્યુઆરી: **આનતિ શાહ** (ગાયિકા, અમદાવાદ)
૨૭ જાન્યુઆરી: **મહેશ કનોડિયા** (ગાયક-સંગીતકાર, મુંબઈ)
૨૭ જાન્યુઆરી: **દેવાંશી પંડ્યા** (ગાયિકા, અમદાવાદ)
૨૮ જાન્યુઆરી: **સુમન કલ્યાણપુર** (જાણીતા ફિલ્મી ગાયિકા, મુંબઈ)
૨૮ જાન્યુઆરી: **નિશા કાપડિયા** (ગાયિકા, મુંબઈ)
૨૮ જાન્યુઆરી: **પંડિત જસરાજ** (શાસ્ત્રીય ગાયક, મુંબઈ)
૨૮ જાન્યુઆરી: **ભૂમિક શાહ** (ગાયક, અમદાવાદ)
૨૯ જાન્યુઆરી: **પરેશ નાયક** (નાટ્યકાર, અમદાવાદ)
૩૦ જાન્યુઆરી: **ચિંતન ઉપાધ્યાય** (ધ્રુપદ ગાયક, અમદાવાદ)
૩૦ જાન્યુઆરી: **હૃદયનાથ ઘારેખાન** (દિગ્દર્શક, અભિનેતા, અમદાવાદ)


નિર્ણય તમારો
અને આપી ઇશ્વરે દેન,
દીકરી જાણી
એના પર ન બોલો કડવા વેણ.
બેટી વધાવો
રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય

Registered under RNI No.GUJGUJ/2011/44495. Permitted to post at Ahmedabad PSO on 14th Date of Every Month under Postal Regd. No. GAMC-1833/2018-2020 valid upto 31/12/2020. Published on dated 10th. Posted on every month.


# SHYAMAL-SAUMIL

the musical odyssey

Gift Article



શ્યામલ-સૌમિલ દ્વારા નિર્મિત
સમય સાથે, વય સાથે, લય મીલાવતું સંગીત,
પારિવારિક મનોરંજન.

ઉત્સવ અને શુભ પ્રસંગોએ
ભેટરુપે આપો માતૃભાષાના સંગીત,
સાહિત્ય અને સંસ્કારનો સૂરીલો

# વારસો

૧૩ ઑડિયો સીડીનો સંપુટ
માત્ર ₹ ૯૯૯/-

(રવાનગી ખર્ચ અલગ)

સંગીતનો...
સાહિત્યનો... સંસ્કારનો...

# વારસો

ભવિષ્યના જતન માટે...




707, Shitiratna, Nr. Panchavati Circle, Ellisbridge, Ahmedabad-380006. Phone : (0)-079-26561834/35
• www.shyamalsaumil.com • E-mail: swarsetu@yahoo.com • Like us on Facebook